સુવિચાર

ગુણ મેળવી શકાય છે, પરંતુ સંસ્કાર જીવનભર સાથે રહે છે...

RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)

mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક




ક્રિષ્ના વોટર પાર્કના માલિકે લગ્નપ્રસંગમાં આવેલા નાના ભાઈને ફરિયાદ પાછી ખેંચી લેવા કહી કર્યો હુમલો

P-4

Year-16, Issue-193 ■ DATE : 28-11-2025 FRIDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

## આપણામાં અનંત શક્તિ પડેલ છે તેની તાકાત પ્રજાના હિત માટે લગાવીએ: ભુપેન્દ્ર પટેલ




**મુખ્ય સમાચાર, ધરમપુર**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારની ૧૨મી ચિંતન શિબિરનો પ્રારંભ કરાવતા સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ હંમેશા સમયથી આગળનું વિચારીને અને સતત ચિંતન કરીને ગ્લોબલી આગળ રહેવાની સંસ્કૃતિ ચિંતન શિબિર થકી વિકસાવી છે.

ગમે તેવી સ્થિતિ હોય દ્રઢ મનોબળ અને અડગ વિશ્વાસથી વિકાસની ગતિ અને સામાન્ય માનવીના ભલા માટેના કામોની દિશામાં આગળ વધવા માટે સામૂહિક ચિંતનનું પ્લેટફોર્મ આવી ચિંતન શિબિર પૂરું પાડે છે.

મુખ્યમંત્રીએ દરેક ચિંતન શિબિરના પ્રારંભમાં પ્રસ્તુત થતા પ્રેરણા ગીત મનુષ્ય તું બડા મહાન હૈ ની વિભાવના માર્મિક રીતે સમજાવતા કહ્યું કે, આપણામાં જે અનંત શક્તિ પડેલી છે તેની તાકાત-ક્ષમતા ઓળખીને પ્રજાના હિતનું કામ સતત કરતા રહેવું તેની પ્રેરણા ચિંતન શિબિરના વિચાર મંથનથી મળે છે.

તેમણે કહ્યું કે, આપણને જે જવાબદારી મળી છે તેને પૂરી નિષ્ઠાથી નિભાવીએ અને લોકોના કામના નિકાલને બદલે ઉકેલ લાવીએ તેવા પોઝિટિવ થીંકીંગથી કાર્યરત રહીએ તો જ ઈશ્વરે આપણને આપેલી જન સેવાની તકને ઉજાળી શકીશું. આ માટે જે કામ કરીએ તેનું મૂલ્યાંકન ચિંતન કરીને તેના પરિણામોનું પણ મંથન સમયાંતરે કરવાની જરૂરિયાત તેમણે સમજાવી હતી.

# દેશમાં એકસાથે ચૂંટણી યોજવાથી બંધારણના મૂળભૂત માળખામાં ભંગ થતો નથી: લો પેનલ

### કેન્દ્ર સરકારે બંધારણ સુધારા સહિતના ખરડાઓ સંસદમાં રજૂ કરી સંસદીય સમિતિને વિચારણા માટે મોકલી આપ્યા



**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશમાં એક સાથે જ ધારાસભા-લોકસભા ચુંટણીઓ યોજવા માટે મોદી સરકારે ચાલુ કરેલી મહાકવાયતમાં હવે લો-પેનલે પણ એક દેશ એક ચુંટણીના ખ્યાલને યોગ્ય ગણાવતા સ્પષ્ટ કહ્યું હતું કે આ પ્રકારે એક સાથે ચૂંટણીમાં યોજાવાથી બંધારણના કોઈ મૂળભૂત આપવાનો ભંગ થતો નથી.

મોદી સરકાર આ અંગે બંધારણ સુધારા સહિતના ખરડાઓ સંસદમાં રજુ કરી તે સંસદીય સમીતીને વિચારણા માટે મોકલી આપ્યા છે અને સમીતી એક બાદ એક સંબંધકર્તાઓ સાથે તેમાં ચર્ચા-વિચારણા કરી તેમના અભિપ્રાય મેળવી રહી છે.

જેમાં લો-પેનલ તા.૩ ડિસેમ્બરે સંસદીય સમીતી સમક્ષ રજુ થશે. લો પેનલે જણાવ્યું કે જયાં સુધી મતદારોના હકક અને ફેડરાલીઝમનો પ્રશ્ન છે તો આ ખરડો કોઈ રીતે બંધારણીય જોગવાઈઓનો ભંગ કરતો નથી. પેનલે એ પણ મંતવ્ય વ્યક્ત કરી લોકસભા-રાજયો અને કેન્દ્રશાસીત પ્રદેશોની ધારાસભાઓની ચુંટણીમાં રાજયોની ધારાસભામાં સુધારો પસાર કરે તે જરૂરી નથી.

કારણ કે તેનાથી બંધારણની કલમ ૩૬૮(૨) ની પેટા કલમ એ તથા ઈ હેઠળ રાજયો તે પસાર કરે તે દર્શાવતુ નથી. ભાજપના સાંસદ વી.વી.ચૌધરીના અધ્યક્ષપદ હેઠળની કમીટીએ લો-પેનલને પાસે અભિપ્રાય માંગ્યા હતા.

જેમાં આ મંતવ્ય દર્શાવ્યુ હતું. લો પેનલ તથા ચુંટણીપંચ આગામી માસમાં સંસદીય સમીતી સમક્ષ તેના અભિપ્રાય લેખીતમાં આપશે. ગત ડિસેમ્બર માસમાં એક દેશ એક ચુંટણી અંગેના બંધારણ સુધારા સહિતના બે ખરડાઓ સંસદમાં રજુ થયા હતા જેમાં વ્યાપક સંતલત બાદ સંસદની મંજુરી માટે રજુ કરાશે.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૧/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૦/લીટર |
| CNG | રૂ. ૭૭.૦૦/કિલો |




| | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૨૭,૭૯૦ | ₹૧,૭૩,૧૦૦ |
| | -૧૦ | +૧૦૦ |
| Today Rate | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૪૬ | ₹૧૧૮.૪૫ |

## ચૂંટણી પહેલા મહારાષ્ટ્રનું રાજકારણ ગરમાયુ: ભાજપ અને શિંદે જૂથ વચ્ચેનો ખટરાગ ચરમસીમાએ



**મુખ્ય સમાચાર, મુંબઇ**

મહારાષ્ટ્રમાં ૨ ડિસેમ્બરે યોજાનારી નગર પરિષદ અને નગર પંચાયતની ચૂંટણીના માત્ર પાંચ દિવસ પહેલા, સત્તાધારી મહાયુતિ ગઠબંધનમાં બે મહત્ત્વના પક્ષો વચ્ચે તકરાર વધી ગઈ છે. ગઠબંધનના બે મુખ્ય સાથી પક્ષો - શિવસેના (શિંદે જૂથ) અને ભારતીય જનતા પાર્ટી - વચ્ચેનો ખટરાગ હવે ચરમસીમાએ પહોંચ્યો છે અને બંને પક્ષોના નેતાઓ એકબીજા પર ખુલ્લેઆમ આરોપ-પ્રત્યારોપ લગાવી રહ્યા છે. આ શાબ્દિક યુદ્ધમાં રાણે બંધુઓ પણ સામસામે આવી જતાં ગઠબંધનની અંદરનો તણાવ સ્પષ્ટપણે સપાટી પર આવી ગયો છે.

શિવસેનાના ધારાસભ્ય અને નારાયણ રાણેના મોટા પુત્ર નીલેશ રાણેએ બુધવારે દાવો કર્યો કે તેમણે સિંધુદુર્ગ જિલ્લાના માલવણમાં ભાજપના કાર્યકર વિજય કેનવડકરના ઘરેથી મતદારોને વહેંચવા માટે રાખેલી રોકડ ભરેલી બેગ પકડી છે. તેમણે કહ્યું કે આ સ્ટિંગ ઓપરેશન તેમણે પોતે કર્યું છે અને તેના વીડિયો પણ સોશિયલ મીડિયા પર શેર કર્યા છે. નીલેશે આ રોકડને ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણના તાજેતરના કોંકણ પ્રવાસ સાથે જોડતા ગંભીર આરોપો લગાવ્યા.

આ મામલો ત્યારે વધુ ગરમાયો જ્યારે કેન્દ્રીય મંત્રી નારાયણ રાણેના નાના પુત્ર અને ભાજપના કેબિનેટ મંત્રી નિતેશ રાણે પોતાના જ મોટા ભાઈના આરોપોના જવાબમાં મેદાનમાં ઉતર્યા. તેમણે કહ્યું, ''વિજય ભાજપના કાર્યકર હોવાની સાથે એક વેપારી પણ છે. તેમના ઘરે રોકડ રાખવી એ શું ગુનો છે?'' નિતેશે કડક ચેતવણી આપતા કહ્યું, ''હમામ મેં સબ નંગે હૈ. રવીન્દ્ર ચવ્હાણ પર પાયાવિહોણા આરોપો લગાવીને શિવસેના ગંદી રાજનીતિ કરી રહી છે.'' ભાજપના પ્રદેશ અધ્યક્ષ રવીન્દ્ર ચવ્હાણે પણ કહ્યું કે, ''હું ૨ ડિસેમ્બર સુધી ગઠબંધનને કારણે ધીરજ રાખી રહ્યો છું, ત્યારબાદ જડબાતોડ જવાબ આપીશ.''

આ દરમિયાન, ભાજપના ધારા-સભ્ય તાનાજી મુટકુલેએ આરોપ લગાવ્યો કે શિવસેનાના ધારાસભ્ય સંતોષ બાંગરે ૨૦૨૨માં શિંદે જૂથમાં જોડાવા માટે ૫૦ કરોડ રૂપિયા (''૫૦ બોક્સ'')ની માંગણી કરી હતી. તેના જવાબમાં, સંતોષ બાંગરે મુટકુલે પર જાતીય સતામણીના કેસમાં પોતાના ડ્રાઈવરને ફસાવી દેવાનો વળતો આરોપ લગાવ્યો.

## વિશ્વના ટોચના પાવરફુલ દેશોની યાદીમાં ભારત ત્રીજા ક્રમે

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

ઓસ્ટ્રેલિયાની પ્રતિષ્ઠિત લોવી ઇન્સ્ટિટ્યૂટએ પોતાનો વાર્ષિક એશિયા પાવર ઇન્ડેક્સ ૨૦૨૫ રિપોર્ટ જાહેર કર્યો છે. આ રિપોર્ટમાં એશિયાના ૨૭ દેશોમાં સૈન્ય, આર્થિક, રાજદ્વારી અને સાંસ્કૃતિક પ્રભાવનું વિસ્તૃત મૂલ્યાંકન કરવામાં આવ્યું છે, જે આઠ મુખ્ય ક્ષેત્રો(સૈન્ય ક્ષમતા, સંરક્ષણ નેટવર્ક, આર્થિક તાકાત, રાજદ્વારી પ્રભાવ, સાંસ્કૃતિક પહોંચ, લચીલાપણું અને ભવિષ્યના સંસાધન ક્ષમતા) પર આધારિત છે. આ ઇન્ડેક્સ દર્શાવે છે કે એશિયાની પ્રાદેશિક શક્તિના સમીકરણોમાં મોટા ફેરફારો થયા છે, જેમાં ચીન એક પ્રમુખ શક્તિ તરીકે મજબૂત રીતે ઉભરી રહ્યું છે, જ્યારે યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકાના પ્રભાવમાં છેલ્લા વર્ષોની તુલનાએ ઘટાડો નોંધાયો છે. તેમજ ભારત સતત આગળ વધી રહ્યું છે.




લોવી ઇન્સ્ટિટ્યૂટના રિપોર્ટમાં એશિયામાં ભારતનો વધતો પ્રભાવ સ્પષ્ટપણે દેખાય છે. વર્ષ ૨૦૨૫માં ભારતે ૪૦.૦ સ્કોર મેળવીને 'મેજર પાવર' બનવાની સીમા પાર કરી લીધી છે. ભારતનો આ ઉદય મુખ્યત્વે તેની મજબૂત આર્થિક વૃદ્ધિ અને વધતી સૈન્ય તાકાતને કારણે થયો છે.

જોકે, રિપોર્ટ દર્શાવે છે કે ભારતનો રાજદ્વારી અને આર્થિક પ્રભાવ હજી સુધી તેની વધેલી સૈન્ય અને સંસાધન શક્તિ સાથે સંપૂર્ણપણે મેળ ખાતો નથી, જેનો અર્થ છે કે ભારત પાસે ભવિષ્યમાં પોતાની શક્તિ વધારવાની હજી ઘણી મોટી સંભાવનાઓ છે.

ફક્ત અમેરિકા અને ચીન જ 'સુપર પાવર' શ્રેણીમાં સૂચિબદ્ધ છે. અમેરિકા હજુ પણ ટોચ પર છે, પરંતુ એશિયા પાવર ઇન્ડેક્સ ૨૦૧૮માં શરૂ થયા પછી આ તેનો સૌથી ઓછો સ્કોર છે.

## ઇન્ડોનેશિયાની રાજધાની જકાર્તા વિશ્વનું સૌથી મોટું શહેર બન્યું

શહેરો હવે વિશ્વના નકશા પર ફક્ત ઈમારતોનો સંગ્રહ નથી રહ્યા પરંતુ માનવ સભ્યતાના હૃદયના ધબકારા બની ગયા છે. સંયુક્ત રાષ્ટ્રના તાજેતરના અહેવાલ વર્લ્ડ અર્બનાઇઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫ એક એવું ચિત્ર રજૂ કરે છે જે ફક્ત વર્તમાનને જ નહીં પરંતુ ભવિષ્યના પડકારોને પણ પ્રકાશિત કરે છે. અહેવાલ મુજબ ઇન્ડોનેશિયાની રાજધાની જકાર્તા હવે વિશ્વનું સૌથી મોટું શહેર બની ગયું છે, જેની વસ્તી આશરે ૪૨ મિલિયન છે. આ ખિતાબ દાયકાઓથી જાપાનની રાજધાની,ટોક્યો પાસે હતો, પરંતુ હવે ટોક્યો ત્રીજા સ્થાને સરકી ગયો છે. બાંગ્લાદેશની રાજધાની, ઢાકા, બીજા સ્થાને છે, જ્યારે ભારતની રાજધાની, દિલ્હી, ટોચના ત્રણમાંથી બહાર નીકળી ગઈ છે. આ પરિવર્તન ફક્ત સંખ્યાઓનો વિષય નથી. તે વૈશ્વિક શહેરીકરણની લહેરનો પુરાવો છે જે એશિયાને કેન્દ્ર સ્થાને લાવી રહી છે. આ અહેવાલમાં એવો અંદાજ છે કે ૨૦૨૫ સુધીમાં, વિશ્વની ૮.૨ અબજ વસ્તીમાંથી ૮૦ ટકા લોકો શહેરોમાં રહેશે - જે ૧૯૫૦ કરતા અનેક ગણી વધારે છે. મેગાસિટીઝ (૧૦ મિલિયનથી વધુ વસ્તીવાળા શહેરો) ની સંખ્યા ૧૯૭૫ માં ફક્ત ૮ થી વધીને ૩૩ થઈ ગઈ છે, જેમાંથી ૧૯ એશિયામાં છે. શહેરોનો ઈતિહાસ માનવ સંસ્કૃતિનું પ્રતિબિંબ પાડે છે.

## આંતર જ્ઞાતિમાં લગ્ન કરનાર મહિલાને પિતાની મિલ્કતમાંથી બેદખલ કરી શકાય નહીં: હાઈકોર્ટ



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

મહિલા સશક્તિકરણને વેગ આપતા એક મહત્વપૂર્ણ ચૂકાદામાં ગુજરાત હાઈકોર્ટે નિશ્ચિત કર્યુ હતું કે જો કોઈ મહિલા આંતર જ્ઞાતિ લગ્ન કરે તો પણ તે તેના પિતાની મિલ્કતમાં તેનો જે કાનૂની હિસ્સો છે તે ગુમાવતા નથી પછી આ મિલ્કત તેના પિતાને વારસદાર દર જે મળી હોય કે પિતાની સ્વપાર્જીત મિલ્કત હોય તેમાં પુત્રીનો હીસ્સો એ તેનો હકક છે.

જેનાથી તેને ફકત એ કારણોસર વંચીત રાખી શકાય નહી કે તેણે અન્ય જ્ઞાતિના યુવક સાથે લગ્ન કર્યા છે. એક પાટીદાર મહિલાએ તેની પસંદગીના ઓબીસી સમુદાયમાં આવતા યુવક સાથે લગ્ન કર્યા હતા.

તેનાથી તેના પિતાએ પોતાની મિલ્કતમાંથી પુત્રીને કોઈ હીસ્સો મળે નહી તે નિશ્ચિત કર્યુ હતું તથા દિકરી સાથેના કૌટુંબિક સંબંધો પણ કાપી નાખ્યા હતા. ૧૯૮૬માં તેના પિતાનું મૃત્યુ થયા બાદ સાત સંતાનોએ વારસદાર દરજજે પ્રોપર્ટીકાર્ડમાં નોંધણી કરાવી હતી. પરંતુ તેમાં અન્ય જ્ઞાતિમાં લગ્ન કરનાર બહેનને બાકાત રાખી હતી.

છેક ૨૦૧૮માં બહેનને આ માલુમ પડતા તેણે પિતાની મિલ્કતના આઠમો ભાગ માટે સિવિલ દાવો દાખલ કર્યો હતો. ૧૨ વર્ષ બાદ આ પ્રકારે દાવો દાખલ થયો છે તેવા કારણોસર પ્રથમ તેની અરજી નકારાઈ હતી જેની સામે મહિલાએ હાઈકોર્ટમાં અપીલ કરી હતી કે જેમાં પણ તેના ભાઈ-બહેનો વતી ૧૨ વર્ષનો સમયગાળો વહી ગયો છે તે મુદા પર અરજી નકારવા રજુઆત કરી હતી.

જો કે હાઈકોર્ટે મહિલાની અપીલ સ્વીકારી હતી અને જણાવ્યું કે હિન્દુ વારસાધારાની કલમ ૬ મુજબ જેમાં ૨૦૦૫માં સુધારો થયો તે ઉપરાંત છેક ૧૯૫૬માં દિકરીનો મિલ્કતમાં હકક સ્વીકારાયો છે તેની પુત્રીને આ પ્રકારે મિલ્કતમાંથી દુર કરી શકાય નહી.

૨૦૦૫માં હિન્દુ વારસાધારામાં થયેલા સુધારામાં દિકરીને માતા-પિતાની મિલ્કતમાં દિકરા જેવો જ અધિકાર અપાયો છે અને જન્મથી જ આ અધિકાર મળે છે. ૧૯૫૬ના ધારામાં જે ભેદભાવવાળી કલમ હતી તે પણ દુર થઈ છે. હાઈકોર્ટે આ અરજી સિવિલ કોર્ટને પરત મોકલી મહિલાની અરજી પર વિચારવા જણાવ્યુ હતું.

એક અન્ય કેસમાં અમદાવાદની મહિલા જેણે પણ અન્ય જ્ઞાતિના પુરુષ સાથે લગ્ન કર્યા હતા તેને તેના પિતાની મિલ્કતમાં ભાગથી વંચિત રખાઈ હતી. ૨૦૧૩માં તેણે માતા-ભાઈઓ સામે પિતાની મિલ્કતમાં તેના ભાગ અંગે અરજી કરી હતી. જેમાં તેના માતા તરફથી દલીલ થઈ કે પુત્રીને એક ફલેટ રહેવા માટે આપ્યો હતો તે તેણે હડપ કરી લીધા છે.

ભાઈઓએ માતાના મૃત્યુ બાદ આ ફલેટ જે તેના માતાના નામે હતો તે પરત મેળવવા પણ દાવો દાખલ કર્યો હતો પણ મહિલાએ તેની સામે માતા-પિતાની મિલ્કતમાં તેનો ભાગનો દાવા કરી ભાઈઓ આ ફલેટ વેચી કે કોઈ રીતે ટ્રાન્સફર કરી શકે નહી તેવો સ્ટે માંગ્યો હતો.

ઉપરાંત ભાઈઓ તેને મિલ્કતના અધિકારથી બે દખલ કરવા માંગે છે તેવું પણ જણાવ્યું હતું જે સામે મિલ્કતમાં અધિકાર માંગ્યો હતો. કોર્ટે બહેન જે ફલેટમાં રહેતી હતી તેના પર ભાઈઓનો દાવો નકારી કાઢયો અને જેમાં ઉપલી અદાલતે પણ તેમાં ભાઈઓને રાહત આપી ન હતી.

## કર્ણાટકમાં નેતૃત્વ પરિવર્તનનો વિવાદ ચરમસીમાએ: મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી વચ્ચે સીધો જંગ

**મુખ્ય સમાચાર, બેંગ્લુરૂ**

કર્ણાટકમાં કોંગ્રેસ સરકારમાં નેતૃત્વ પરિવર્તન અંગે સર્જાયેલી ઘમાસાણ રોકાવવાનું નામ લેતી નથી અને મુખ્યમંત્રી સિધ્ધરમૈયા તથા નાયબ મુખ્યમંત્રી ડી.કે.શિવકુમાર વચ્ચે સીધો જંગ શરૂ થયો હોય તેવા સંકેત છે અને તેમાં કોંગ્રેસ સરકારનું પતન પણ થઇ શકે છે.

રાજયમાં કોંગ્રેસના વિજય બાદ અઢી-અઢી વર્ષ માટે મુખ્યમંત્રીની સિધ્ધરમૈયા અને ડી.કે.શિવકુમાર વચ્ચે મોવડી મંડળીની હાજરીમાં જે ફોર્મ્યુલા નિશ્ચિત થઇ હોવાનો દાવો શિવકુમાર કરે છે તેનો અમલ કરવા માંગણી કરી છે અને તેઓએ એવું કહ્યું કે, નેતૃત્વ એ પોતાનું વચન યાદ રાખવું જોઇએ.

તેઓએ પોતાના એક પોસ્ટમાં એ સંકેત આપી દીધો છે કે હવે સિધ્ધરમૈયાએ અઢી વર્ષ પુરા કરી લીધા હોવાથી મુખ્યમંત્રી બનવા માટે તેમનો હકક છે. જોકે બીજી તરફ મુખ્યમંત્રી સિધ્ધરમૈયા પણ પદ છોડવા તૈયાર નથી.

તેમને એક પોસ્ટમાં લખ્યું કે કર્ણાટકની જનતાએ જે જનાદેશ આપ્યો હતો તે કોઇ એક ક્ષણ માટે નહીં કે કલાકો માટે નહીં પણ એક જવાબદારી પુરા પાંચ વર્ષ માટે આપી છે. તેમને લખ્યું કે, શબ્દ જ્યાં સુધી શકિત ન બને ત્યાં સુધી તમે દુનિયાને બહેતર ન બનાવો. કર્ણાટક અમારા માટે કોઇ શબ્દ પણ પૂરી દુનિયા છે. તેઓએ પોતે જે વચનો પુરા કર્યા છે તે યાદ અપાવીને કહ્યું કે, હું જવાબદારી નિભાવી રહ્યું છું. આમ હવે ડી.કે.શિવકુમાર શું વલણ લે છે તેના પર સૌની નજર છે અને કોંગ્રેસ મોવડી મંડળ પણ કઇ રીતે આ વિવાદ હલ કરે છે તે મહત્વનું બની જશે.

## અવકાશ વિજ્ઞાન ક્ષેત્રે સૌરાષ્ટ્રનો દબદબો વધશે: ઈસરોનું નવુ અર્થ સ્ટેશન જામખંભાળિયામાં સ્થપાશે



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

વિશ્વભરમાં અવકાશ વિજ્ઞાન અને ટેકનોલોજી ક્ષેત્રમાં ઈસરો રોકેટ ગતિએ આગળ વધી રહ્યું છે. ગુજરાત સરકારે પણ સ્પેસ ટેકનેલોજી પોલિસીની જાહેરાત કરી છે. ત્યારે ઈસરો દ્વારા જામખંભાળિયામાં ૨૫ એકર જમીન પર કરોડોના ખર્ચે નવું અર્થ સ્ટેશન બનાવાઈ રહ્યું છે.

આ અર્થ સ્ટેશનનો કયા કયા ક્ષેત્રે ઉપયોગ કરાશે તે અંગે ચેરમેને જાહેરાત કરી હતી. હવે આ મુદ્દે સ્પેસ એપ્લિકેશન સેન્ટર અમદાવાદના ડાયરેક્ટર નિલેશ એમ. દેસાઈએ વિસ્તૃત માહિતી આપી છે.

જામ ખંભાળિયામાં બની રહેલા ઈસરોના નવા અર્થ સ્ટેશન વિશે નિલેશ એમ. દેસાઈએ જણાવ્યું કે, આગામી ૪ વર્ષમાં ભારતની સુરક્ષામાં મદદ માટે સરકારે ૫૨ સેટેલાઈટ બનાવવાની મંજૂરી આપી છે. જે અંતર્ગત ઈસરો રિમોટ સેન્સિંગ, કેમેરા અને રડારવાળા કોમ્પ્લિકેટેડ ૨૧ સેટેલાઈટ બનાવી રહ્યું છે.

આ ઉપરાંત નાના અને પ્રમાણમાં સરળ ૩૧ સેટેલાઈટ પ્રાઈવેટ સેક્ટરની કંપનીઓ દ્વારા નિર્માણ થઇ રહ્યા છે. ઈસરોના ¡ GISAT-1A સેટેલાઈટ પણ તૈયાર થઇ ગયો છે, જે આગામી સમયમાં GSLV વ્હિકલ ઉપલબ્ધ થતા લોન્ચ થશે. આ સેટેલાઈટ ૩૬૦૦૦ કિલોમીટરની ઊંચાઈથી પૃથ્વીની તસવીરો લઈ શકશે. એ સિવાય તે હવામાન સહિતની માહિતી મેળવવા પણ ઉપયોગી થશે.

આ વિશે વધુ વાત કરતા તેમણે જણાવ્યું કે, હાલ ઈસરોમાં અનેક પ્રકારના કેમેરાવાળા ૧૩ અને ૭ રડાર સેટેલાઈટનું કામ ચાલી રહ્યું છે. આ સેટેલાઈટ બનાવવા માટે ૪ વર્ષની સમયમર્યાદા છે, જેમાં ૬ મહિના પૂરા થઈ ગયા છે એટલે કે હવે ૩.૬ વર્ષના સમય ગાળામાં આ સેટેલાઈટ બની જશે.

આ સેટેલાઈટ લોન્ચ થયા પછી તેનો ઉપયોગ કરવા ગ્રાઉન્ડ પર અર્થ સ્ટેશન (ભૂ-કેન્દ્ર) બનાવવાનું કામ ગુજરાતના દરિયાકાંઠે આવેલા જામ ખંભાળિયામાં થઈ રહ્યું છે. આ અર્થ સ્ટેશન સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ૨૫ એકર જમીન પર બની રહ્યું છે, જે લગભગ ૧૦૦ કરોડથી વધુના ખર્ચે બનીને આગામી ૩-૪ વર્ષમાં તૈયાર થઈ જશે.

અત્યારે સાઈટ પર સોઈલ ટેસ્ટિંગ અને અન્ય જરૂરી કાર્યવાહી થઈ રહી છે. આ માટે હવે સિવિલ, મિકેનિકલ અને ઈલેક્ટ્રિકના કામો અંગે જરૂરી પ્રક્રિયા ચાલુ કરાશે.આ અર્થ સ્ટેશનની મદદથી સેટેલાઈટ દ્વારા રિમોટ સેન્સિંગને લગતી જરૂરી સેવાઓ, જેમ કે હવામાન, સુરક્ષા અને કૃષિ સહિતના અનેક ક્ષેત્રોની માહિતી મેળવવામાં આવશે.

## રાજકોટમાં ૭ કિન્નરોનો ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં વધુ એક વખત કિન્નર સમુદાયમાં ચકચાર જગાવતી ઘટના બની છે. જેમાં ભાવનગર રોડ પર ગંજીવાડામાં રહેતાં એક વ્યંઢળે સાંજે ચોકમાં ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયેલ. તેણે જેના પર આક્ષેપો કર્યા એ છ વ્યંઢળ કે જે ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહે છે એ છએયએ મોડી રાતે બે વાગ્યે ઘંટેશ્વર નજીક આવેલા શ્રી ખાટુશ્યામ મંદિર પાસે એક સાથે ફિનાઈલ પી સામુહિક આપઘાતનો પ્રયાસ કરતાં છએયને સારવાર માટે દાખલ કરાયા છે. બંને પક્ષે પાંચ મહિનાથી ચાલતાં જુના મનદુઃખ મામલે સામ સામે આક્ષેપો થયા હોઇ પોલીસે તપાસ હાથ ધરી છે.

જાણવા મળ્યા મુજબ ઘંટેશ્વર ૨૫ વારીયામાં રહેતાં કિન્નર-વ્યંઢળો ખુશ્બુદે ગોપીદે (ઉ.વ.૨૪), સમીરાદે ગોપીદે (ઉ.વ.૩૦), બીંદીયાદે મીરાદે (ઉ.વ.૩૨), ગોપીદે મીરાદે (ઉ.વ.૩૦), ટીનદે મીરાદે (ઉ.વ.૩૦) અને કલ્પુદે મીરાદે (ઉ.વ.૨૭)એ રાતે બે વાગ્યે જામનગર રોડ ઘંટેશ્વર નજીક આવેલા શ્રીખાટુ શ્યામ મંદિર પાસે એક સાથે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કરતાં તમામને હેતલદેએ ૧૦૮ મારફત સિવિલ હોસ્પિટલમાં ખસેડતાં હોસ્પિટલ ચોકીના રામશીભાઇ વરૂ, અમૃતભાઇ મકવાણા, ધર્મેન્દ્રભાઇ, પ્રતાપભાઇ, રવિભાઇ સહિતે ગાંધીગ્રામ પોલીસને જાણ કરી હતી.

હોસ્પિટલના બીછાનેથી ખુશ્બુદે સહિતના વ્યંઢળોએ કહ્યું હતું કે અગાઉ અમારી સાથે જ નિકીતાદે હતાં. પણ તેને અમારી કમીટીમાં આગળ થઇ જવું હોઇ જેથી અમારી વચ્ચે વિવાદ થયો હતો. પાંચ મહિના પહેલા આ કારણે માથાકુટ થતાં અમે તેને અમારી કમિટીમાંથી બરતરફ કરી દેતાં હાલ તે ગંજીવાડામાં રહે છે અને અમે બધા ઘંટેશ્વરમાં રહીએ છીએ. અમને તેના તરફથી ફોન પર સતત ધમકીઓ મળતી રહે છે. ગઇકાલે પણ તેણે ફોન કરી અમે તને જ્યાં ભેગા થઇશું ત્યાં તે છરી મારી દેશે તેવી ધમકી આપી હતી. આણી અમે બધા ગભરાઇ ગયા હોઇ રાતે ઘરેથી નીકળી એક સાથે ફિનાઈલ પી લીધી હતી.

બીજી તરફ આ ઘટના બની એ પહેલા સાંજે સાડા આઠેક વાગ્યે ગંજીવાડા-૧૩માં રહેતાં નિકીતામાસી જેના ગુરૂ મીરાદે છે તેણીએ પણ ગંજીવાડાના શક્તિ ચોકમાં ફિનાઈલ પી લેતાં તેને સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં થોરાળા પોલીસને જાણ કરાઇ હતી. સારવાર બાદ નિકીતામાસીએ રાતે જ રજા લીધી હતી. તેણીએ મીરાદે અને મિહીર સહિતનો પોતાને અનહદ ત્રાસ હોઇ તેના કારણે આ પગલુ ભર્યાનો આક્ષેપ કર્યો હતો. આ પછી સારવાર બાદ રજા લીધી હતી.

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના ૪૦ વર્ષ નિમિત્તે ઊજવાશે વિશ્વ સંસ્કૃતિપર્વ મહોત્સવ

## ૩૦ નવેમ્બરથી ૬ ડિસેમ્બર દરમિયાન યોજાનારા સાત દિવસીય મહોત્સવમાં ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને કલાનો સંગમ રચાશેઃ જાણીતા અભિનેતા અમોલ પાલેકર, સુપ્રતિષ્ઠિત સાહિત્યકાર અશોક વાજપેયી, વિખ્યાત પટકથાલેખક અભિજાત જોશી તથા સ્વરકાર અમર ભટ્ટની વિશેષ ઉપસ્થિતિમાં યોજાશે વિવિધ સાહિત્યિક-સાંસ્કૃતિક કાર્યક્રમોઃ વિશ્વકોશના વડા કુમારપાળ દેસાઈ અને ટ્રસ્ટી પી.કે. લહેરીએ પત્રકાર પરિષદને સંબોધીને વિશ્વસંસ્કૃતિપર્વ અંગે આપી જાણકારી



**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ છેલ્લાં ૪૦ વર્ષથી ગુજરાતી ભાષા, સાહિત્ય અને સંસ્કૃતિના પ્રસાર-પ્રસાર માટે તેમજ ગુજરાતની અસ્મિતાના સંવર્ધન માટે સતત કાર્યરત છે. ગુજરાતના મુખ્યમંત્રી તરીકે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ એક કાર્યક્રમમાં નર્મદા જેમ ગુજરાતની જીવાદોરી છે તેજ ગુજરાત વિશ્વકોશ રાજ્યની સાંસ્કૃતિક દોરી છે, એવું કહીને સન્માની હતી, એવી આ સંસ્થા પોતાની ૪૦ વર્ષની સફરની ઉજવણી 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવ દ્વારા કરવા જઈ રહી છે.

'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવ અંગે જાણકારી આપતાં વિશ્વકોશના વડા અને પદ્મશ્રીથી સન્માનિત સાહિત્યકાર શ્રી કુમારપાળ દેસાઈએ જણાવ્યું હતું કે ૩૦મી નવેમ્બરથી ૬ ડિસેમ્બર દરમિયાન વિશ્વકોશના ૪૦ વર્ષ નિમિત્તે 'વિશ્વસંસ્કૃતિપર્વ' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ભાષા, સાહિત્ય, સંસ્કૃતિ અને કલાને લગતા વિવિધ કાર્યક્રમો યોજાશે.

મહોત્સવ અંગે વધુ માહિતી આપતાં દેસાઈએ જણાવ્યું હતું કે આ મહોત્સવમાં હિન્દી અને મરાઠી ફિલ્મના જાણીતા અભિનેતા અમોલ પાલેકર, વરિષ્ઠ સાહિત્યકાર અશોક વાજપેયી, વિખ્યાત પટકથાલેખક અભિજાત જોશી, સ્વરકાર અમર ભટ્ટ અને હિમાલી વ્યાસ નાયક, સર્વપ્રથમ એવોર્ડ વિજેતા રેડિયો ડોક્યુમેન્ટરી તૈયાર કરનાર મકરંદ વાઈકર, લેખક-દિગ્દર્શક કમલ જોષી વગેરેની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ સાહિત્યિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવશે. આ મહોત્સવ અંતર્ગત ચીનુભાઈ આર. શાહ જીવનશિલ્પી એવોર્ડ સણોસરાની લોકભારતી યુનિવર્સિટીના ચાન્સેલર અરુણ દવેને એનાયત કરાશે, એવું તેમણે ઉમેર્યું હતું.

વિશ્વકોશ અંગે જાણકારી આપતાં કુમારપાળભાઈએ જણાવ્યું હતું કે આ સંસ્થા દ્વારા ગુજરાત વિશ્વકોશ ઉપરાંત બાળ વિશ્વકોશ, બૃહદ્? નાટ્યકોશ, તબીબી વિજ્ઞાનનો કોશ, નારી કોશ, ગ્રંથાલય વિજ્ઞાન કોશ પણ તૈયાર કરવામાં આવ્યા છે. ૧૮૦થી વધારે વિષયો પરનો ૨૪,૦૦૦થી વધુ લખાણો ધરાવતો વિશ્વકોશ આજે ઓનલાઈન પણ ઉપલબ્ધ છે. જેની આજ સુધીમાં ચાર કરોડ એંસી લાખથી વધુ લોકોએ એની મુલાકાત લીધી છે અને દર મહિને દોઢ લાખથી વધુ વિશ્વભરનાં ગુજરાતી ભાષીઓ તેનો ઉપયોગ કરે છે. સાહિત્યિક-સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સિવાય વિશ્વકોશ દ્વારા કાર્યશાળાઓ પણ યોજવામાં આવે છે, એવું તેમણે ઉમેર્યું હતું.

વધુમાં તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાતની આ એક માત્ર સંસ્થા છે કે જ્યાંથી ત્રણ વિશિષ્ટ પ્રકારનાં સામયિકો પ્રગટ થાય છે. દર મહિને પ્રકાશિત થતા એના મુખપત્ર વિશ્વવિહાર સામયિકમાં વિશ્વની ગતિવિધિ આલેખતા ભિન્ન ભિન્ન વિષયો પર લેખો પ્રસિદ્ધ થાય છે, તો વિદેશનાં ગુજરાતી સર્જકોને અનુલક્ષીને તૈયાર થતું એવા ત્રૈમાસિક ગુર્જરી ડાયજેસ્ટ પ્રગટ થાય છે, તો સ્ત્રીઓ દ્વારા સાહિત્ય, કળા અને જ્ઞાનનું ત્રૈમાસિક વિશ્વાનું પ્રકાશન કરવામાં આવે છે. વિશ્વકોશની જુદી જુદી શ્રેણી દ્વારા સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય, ટેકનોલોજી, બાળસાહિત્ય જેવાં વિવિધ વિષયો વિશે નિષ્ણાતોએ લખેલાં પ્રમાણભૂત ૧૧૫ પુસ્તકોનું આજ સુધીમાં પ્રકાશન થયું છે. વિશ્વકોશ સાહિત્ય, ચિત્ર, સમાજસેવા, સંશોધન, નાટ્યલેખન જેવાં વિવિધ વિષયોમાં ઉત્કૃષ્ટ કાર્ય કરનારને એવોર્ડ આપે છે અને એની ૧૧ જેટલી વ્યાખ્યાનશ્રેણી દ્વારા વિશ્વકોશમાં અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ વ્યાખ્યાનો યોજાયા છે. ભાષાસજ્જતા શિબિર, યોગશિબિર, હસ્તપ્રતવિદ્યા, રોબોટિક્સ, પ્રૂફવાંચન, બ્રાહ્મીલિપિ, આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્સ જેવી કાર્યશિબિરો પણ યોજવામાં આવ્યાં છે, એવું તેમણે ઉમેર્યું હતું.

પૂર્વ મુખ્ય સચિવ અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટી પી.કે. લહેરીએ પત્રકારો સાથે સંવાદ કરતાં જણાવ્યું હતું કે ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ એવી સંસ્થા છે, જે ગુજરાતી ભાષાનું ગૌરવ વધારવાનું કામ કરે છે. આ સંસ્થા ભાષા ઉપરાંત જ્ઞાનનો ઉજાસ ફેલાવવાનું પણ ઉમદા કામ કરી રહી છે, એવું તેમણે ઉમેર્યું હતું.

આ પ્રસંગે લહેરીએ વિશ્વકોશ માટે ધીરુભાઈ ઠાકરના યોગદાનને યાદ કર્યું હતું તથા માતૃભાષા ગુજરાતી અંગે સરકાર અને સાહિત્યિક સંસ્થાઓના પ્રયાસોની વાત કરવાની સાથે સાથે વિશ્વના કોઈ પણ ખૂણે વસતા ગુજરાતી સુધી ગુજરાતી ભાષામાં જ્ઞાનની સરવાણી વહેવડાવવા બદલ ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની વિવિધ પ્રવૃત્તિઓને બિરદાવી હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે વિસનગરના કર્મયોગી શ્રી સાંકળચંદભાઈ પટેલની ભાવના, ધીરુભાઈ ઠાકરની પ્રેરણા અને પુરુષાર્થ તથા કુમારપાળ દેસાઈ, પી.કે. લહેરી, દાઉદભાઈ ઘાંચી, નીતિન શુક્લ, પ્રકાશ ભગવતી, પ્રીતિ શાહ જેવાં ટ્રસ્ટીઓની મહેનતને પરિણામે આજે વિશ્વકોશ ગુજરાતની અગ્રણી સાંસ્કૃતિક સંસ્થા થઈ છે.

# જામનગરમાં સમસ્ત અનુસૂચિત સમાજ દ્વારા કલેકટર આવેદનપત્ર



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર સમસ્ત અનુસૂચિત સમાજ દ્વારા કલેકટર આવેદનપત્ર મારફતે રાજ્યપાલ ને જીગ્નેશ મેવાણી ના સમર્થનમાં ગુજરાતમાં દારૂ ડ્રગ્સના અડ્ડા ઓને તત્કલીક ધોરણ બંધ કરવાવામાં આવે તેવી માંગ સાથે આવેદનપત્ર.જામનગર જિલ્લામાં નશીલા પદાર્થોની વધી રહેલી સમસ્યા હવે માત્ર સામાજિક ચર્ચાનો મુદ્દો નથી, પરંતુ જનહિતનો એક ગંભીર પ્રશ્ન બની છે. શહેર તથા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં દારૂ, ડ્રગ્સ, ગાંજા અને અન્ય નશીલા પદાર્થોનું જાળું ફેલાય રહ્યું છે. આ પરિસ્થિતિ સામે તીવ્ર પગલાં લેવા માટે નાગરિકો, યુવા કાર્યકરો અને સામાજિક આગેવાનો એકત્ર થયા અને વડગામ ધારાસભ્ય જીગ્નેશભાઈ મેવાણીના સમર્થનમાં જિલ્લા તંત્રને આવેદનપત્ર આપ્યું.આવેદનપત્રમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે કે નશીલા પદાર્થોના અડ્ડાઓ જામનગરમાં ખૂલ્લેઆમ ફેલાયેલા છે. આવા અડ્ડાઓના કારણે અનેક યુવાનો નશાની ચપેટમાં આવી પોતાના ભવિષ્યને અંધકારમય બનાવી રહ્યા છે. નશાની આ વિપત્તિથી આખું સમાજ ઝંઝાવાત સમાન પરિસ્થિતિમાંથી પસાર થતું હોવાનું નાગરિકોનું કહેવુ હતું.

જામનગરમાં નશાનો ખતરો વધતા કેસો, વધતી ચિંતા.વડગામ સહિત જામનગરના વિવિધ વિસ્તારોમાં નશીલા પદાર્થોની ઉપલબ્ધિ સરળ બની ગઈ હોવાનું નાગરિકોનો આક્ષેપ છે. શહેરના કેટલાક વિસ્તારોમાં ગેરકાયદેસર ચાલતા દારૂ અને ડ્રગ્સના ધંધાનો ફાળો યુવાનોમાં વ્યસન વધી રહ્યું છે. શાળાઓ, કોલેજો અને રહેણાંક વિસ્તારની આસપાસ નશીલા પદાર્થોની વેચવાટીએ માતા-પિતામાં પણ ચિંતા વધારી છે.યુવા કાર્યકરોનું કહેવું છે કે ડ્રગ્સ અને ગાંજા જેવી વસ્તુઓ હવે માત્ર ગુપ્ત રીતે નહીં, પરંતુ ઘણી જગ્યાએ ચાલતા દેખાઈ રહ્યા છે. આ પદાર્થોના ધંધામાં સંડોવાયેલા તત્વો સામે તંત્ર દ્વારા કડક પગલાં લેવામાં વિલંબ થતો હોવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો.ધારાસભ્ય મેવાણીની સતત માંગને.મળ્યો.જનસમર્થન.આવેદનપત્ર આપનાર નાગરિકોએ જણાવ્યું કે ધારાસભ્ય જીગ્નેશ મેવાણી સતત નશાના પ્રશ્નો પર અવાજ ઉઠાવતા રહ્યા છે. તેઓએ અનેક વખત રાજ્ય સરકાર તથા જિલ્લા વહીવટી તંત્રનું ધ્યાન આ ગંભીર મુદ્દા તરફ દોર્યું છે. નશીલા પદાર્થોને કારણે યુવાનોનું ભવિષ્ય બગડે નહીં, સમાજમાં ગુનાઓનો વધારો ન થાય અને કુટુંબ વ્યવસ્થામાં અસ્થિરતા ન સર્જાય તે માટે તેમણે સતત પગલાં લેવાની માંગણી કરી છે.તેમના આ પ્રયત્નોને હવે નાગરિકો તરફથી પણ વ્યાપક સમર્થન મળી રહ્યું છે. નાગરિકોનું એવું માનવું છે કે ધારાસભ્યના નેતૃત્વમાં નશા વિરોધી અભિયાનને તંત્રની સક્રિય સહકારની જરૂર છે.

જિલ્લા તંત્રને મળ્યું આવેદનપત્ર મુખ્ય માંગણીઓ.આવેદનપત્રમાં નશા વિરુદ્ધ તાત્કાલિક પગલાં લેવા માટે જિલ્લા તંત્રને નીચે મુજબના મુખ્ય મુદ્દાઓ રજૂ કરાયા છે ગેરકાયદેસર દારૂના અડ્ડાઓ અને ડ્રગ્સ-ગાંજા વેચાણ કેન્દ્રો પર તાત્કાલિક દરોડા. માફિયા અને સપ્લાયરો વિરુદ્ધ કડક કાયદેસર કાર્યવાહી.૩. યુવાનોને નશાથી બચાવવા માટે વિશેષ જાગૃતિ અભિયાન.પોલીસની ખાસ ટાસ્ક ફોર્સ રચી નશીલા પદાર્થોના રુટ પર સતત પેટ્રોલિંગ.સ્કૂલો અને કોલેજોના આસપાસ શૂન્ય- ષ્ણિુતા નીતિનો અમલ.કાર્યકરોનું સ્પષ્ટ કહેવું છે કે જો તંત્રે સમયસર આ મુદ્દે યોગ્ય પગલાં નહીં લે, તો આંદોલનને જિલ્લાભરમાં વિસ્તૃત કરવામાં આવશે અને લોકતંત્રના માર્ગે દબાણ વધારવામાં આવશે.જામનગરના નાગરિકોમાં નશાના વધતા પ્રસારને લઈને ગંભીર ચિંતા જોવા મળે છે. ઘણા લોકોનું માનવું છે કે નશા માત્ર વ્યક્તિને નહીં પરંતુ આખા સમાજને નાશ તરફ દોરી જાય છે. ગુનાઓમાં વધારો, કુટુંબોમાં વિખવાદ, અને યુવાનોનો ભટકો હશે તેની અસર લાંબા ગાળે જોવા મળશે.આવેદનપત્ર આપતી વેળાએ કેટલાક વાલીઓએ જણાવ્યું કે તેઓ પોતાના બાળકોને સલામત વાતાવરણ આપવા માંગે છે, પરંતુ નશીલા પદાર્થોની સરળ ઉપલબ્ધિથી તેમનું મન કંપી જાય છે. શૈક્ષણિક સંસ્થાઓની આસપાસ અને જાહેર સ્થળોએ પોલીસ પેટ્રોલિંગ વધારવાની પણ માંગણી કરવામાં આવી.આંદોલનને વધુ ગતિ મળશે?

કાર્યકરોનું સ્પષ્ટ કહેવું છે કે નશાને લઈને હવે કોઈ પ્રકારની સહિષ્ણુતા સ્વીકારવામાં નહીં આવે. આવેદનપત્ર આપ્યા બાદ મીડિયાને માહિતી આપતા કાર્યકરો દ્વારા ચેતવણી આપવામાં આવી છે કે જો તંત્ર તાત્કાલિક પગલાં નહીં લે, તો અમે આંદોલનને વધુ શક્તિશાળી અને જિલ્લાભરમાં વ્યાપક બનાવીશું.જામનગરમાં નશાના પ્રસાર સામે લોકોમાં ઉઠેલો ગુસ્સો અને ચિંતા હવે એક સામૂહિક આંદોલનનું સ્વરૂપ ધારણ કરી રહી છે. ધારાસભ્ય જીગ્નેશ મેવાણીના નેતૃત્વ અને સતત દબાણને પગલે નાગરિકો હવે વધુ સશક્ત રીતે આગળ આવી રહ્યાં છે. નશા વિરોધી આ જંગ હવે માત્ર રાજકીય નથી, પરંતુ સામાજિક અને માનવીય મુદ્દો બની ગયો છે.જિલ્લા તંત્રને મળેલું આવેદનપત્ર આ લડતને એક દિશા આપે છે. હવે જોવાનું એ છે કે નશાને નાબૂદ કરવા માટે તંત્ર કેટલું ઝડપી અને કડક પગલાં લે છે.

# ઉનાના પાલડી ગામે નવનિર્માણ થનાર વાંસોજ-કોબ રોડનું સાંસદ અને ધારાસભ્યના હસ્તે ખાતમુહૂર્ત

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**



આજ રોજ જુનાગઢ- ગીર સોમનાથ ના લોકપ્રિય સાંસદશ્રી રાજેશભાઈ ચુડાસમાં તથા ધારા-સભ્ય કાળુભાઈ રાઠોડ ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. છ'' ગામોને જોડતો આ રસ્તો હાલની પહોળાઈ કરતા બમણી એટલે કે ''સાત મીટર પહોળો'' રસ્તો બનશે. અને જ્યાં-જ્યાં ગામતળ આવશે. ત્યાં સી.સી. રોડ બનાવવામાં આવશે. ખાતમુહૂર્ત કાર્યક્રમ થતાની સાથે જ વાંસોજ, ઓલવાણ, પાલડી, તડ, ભીંગરણ, કોબ આ તમામ ગામના આગેવાનોમાં, ગ્રામજનોમાં અને વાહનચાલકોમાં ખુશીની લહેર જોવા મળી.આ રસ્તો બનાવથી વાહનચાલકોને વાહન ચલાવવામાં મુશ્કેલી નો સામનો નહીં કરવો પડે અને અકસ્માતના ભયમાંથી મુક્તિ મળશે.આ તમામ ગામના આગેવાનોએ, ગ્રામજનોએ ઉનાના ધારાસભ્ય કાળુભાઈ રાઠોડ નો હૃદયથી આભાર વ્યક્ત કર્યો હતો. આ ખાતમુહૂર્ત સમારોહમાં જીલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેન લખમણભાઈ બાંભણીયા, જીલ્લા પંચાયતના સર્વે સદસ્ય રૂડાભાઈ શિંગોડ, પ્રતિનિધિ હરિભાઈ સોલંકી, તાલુકા ભાજપ પ્રમુખ હિરેનભાઈ બાંભણીયા, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ વીરાભાઈ સોલંકી, પૂર્વ તાલુકા ભાજપ પ્રમુખ બાબુભાઈ ચૌહાણ, સામતભાઈ ચારણીયા, તાલુકા પંચાયત કારોબારી સમિતિના ચેરમેન મોહનભાઈ વાજા નવાબંદર જિલ્લા પંચાયત સદસ્ય હરિભાઈ બોઘાભાઈ સોલંકી તેમજ તાલુકા પંચાયતના સર્વે સદસ્યશ્રીઓ, સરપંચઓ, સંગઠનના હોદેદારો, ભારતીય જનતા પાર્ટીના સૌ કાર્યકર્તાઓ અને ગ્રામજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઉનાના Dysp એમ.એફ ચૌધરીનું DGP દ્વારા સન્માન કરાયું

**મુખ્ય સમાચાર, ઉના**
**અહેવાલ - અબ્દુલ પઠાણ**

ઉના વિભાગ નાયબ પોલીસ અધીક્ષક એમ.એફ ચૌધરી નાઓને ગુજરાત પોલીસ વિભાગમાં શ્રેષ્ઠ અને પ્રશંસનીય કામગીરી કરવા બદલ રાજ્ય પોલીસ વડા DGP વિકાસ સહાય દ્વારા ડિસ્ક અને પ્રશંસાપત્ર એનાયત કરી અભિનંદન પાઠવવામાં આવેલ, આપ આવી જ પોલીસ સેવામાં આપની કામગીરી કરતા રહો એવી શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા



# કે.પી.શાહ લો કોલેજમાં બંધારણ દિવસ ઉજવાયો



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર કે.પી. શાહ લો કોલેજ ખાતે બંધારણ દિવસ ઉજવવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં ડો. વિમલ પરમાર આચાર્ય તથા કાર્યક્રમના કો-ઓર્ડીનેટર ડો. હિમાંશુ ગલાણી મહેમાન ઉકજઅ સેક્રેટરી, શુક્લા, સહ અધ્યાપકોડો. ડી. કે. છોટાઈ, ડો. નિર્મળસિંહ હેરમા,સંશોધક વિદ્યાર્થીઓ અમીબેન વારીયા અને હર્ષાલીબેન જેઠવા ઉપસ્થિત રહેલ. હતા.કે. પી. શાહ લો કોલેજ, જામનગર ખાતે ૨૬ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ ભારતીય બંધારણ દિવસ નિમિત્તે એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત લો કોલેજના આચાર્ય, ડો. વિમલ પરમાર દ્વારા કરાઈ. તેમણે ભારતીય સંવિધાનના મહત્ત્વ, તેના ઈતિહાસ અને જાહેર જીવનમાં તેની ભૂમિકા અંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને મહેમાનોને વ્યાખ્યાયિત કર્યું હતું.આ કાર્યક્રમમાં ઉકજઅ સેક્રેટરી શુક્લા ઉપસ્થિત રહ્યા હતા તેમણે પણ આજના દિવસની શુભકામનાઓ પાઠવેલ હતી વિદ્યાર્થીઓ દ્વારા સંવિધાન વિષય પર રંગોળી બનાવેલ હતી.કાર્યક્રમનું સમાપન ડો. નિર્મલ સિંહ હેરમા દ્વાર કરવામાં આવેલ અને અંતમાં વિદ્યાર્થી અને કોલેજ સ્ટાફ દ્વારા ઓરિજિનલ બંધારણ નું ફૂલ હારથી પુજન કરવામાં આવેલ હતું.

# મોરબી શહેરના વિકાસ માટે નવી ડેવલપમેન્ટ યોજના તૈયાર કરવાની કામગીરી શરૂ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી મહાનગરપાલિકા અને મોરબી-વાંકાનેર શહેર વિકાસ સત્તામંડળ દ્વારા શહેરના આગામી ૨૦ વર્ષના સુવ્યવસ્થિત વિકાસને ધ્યાને રાખીને નવી વિકાસ યોજના તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ થઈ છે. આ મહત્વપૂર્ણ કામગીરી ને સોંપવામાં આવી છે. યોજનામાં માર્ગવ્યવસ્થા, પાણી પુરવઠા, ટ્રાફિક, ડ્રેનેજ, ગ્રીન ઝોન, જાહેર પરિવહન સહિત શહેરની તમામ માળખાકીય જરૂરિયાતોનું આયોજન થશે. નાગરિક સુચનો મેળવવા આવનારા દિવસોમાં સેમીનાર અને પ્રેસ કોન્ફરન્સ યોજાશે.

મોરબી શહેરના સર્વાંગી વિકાસ, સુવ્યવસ્થિત વિસ્તરણ અને વધતી વસ્તીની જરૂરિયાતોને પૂર્ણ કરવા મોરબી મહાનગરપાલિકા તથા મોરબી-વાંકાનેર શહેર વિકાસ સત્તામંડળે એક મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. શહેરની નવી ડેવલપમેન્ટ યોજના તૈયાર કરવાની અધિકૃત કામગીરી શરૂ કરી દેવાઈ છે. આ કામગીરી ગુજરાત ટાઉન પ્લાનિંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ કંપની લિમિટેડને સોંપવામાં આવી છે, જે આગામી ૨૦ વર્ષના શહેરી વિકાસને ધ્યાનમાં રાખીને વ્યાપક આયોજન કરશે. શહેરની ઝડપથી વધી રહેલી વસ્તી, ઔદ્યોગિક વૃદ્ધિ, વેપાર-વાણિજ્યનો વધારો તથા નવા વિસ્તારોના વિકાસને આધારે નવી યોજના શહેર માટે માર્ગદર્શક દસ્તાવેજરૂપ સાબિત થશે. વિકાસ યોજનામાં મુખ્યત્વે રોડ નેટવર્ક, પાણી પુરવઠાની સુવિધા, ડ્રેનેજ અને સ્ટોર્મ વોટર લાઈનિંગ સિસ્ટમ, ટ્રાફિક મેનેજમેન્ટ, પાર્કિંગ ઝોન, જાહેર પરિવહન, ગ્રીન બેલ્ટ, આરોગ્ય અને શિક્ષણ જેવી આવશ્યક સેવાઓનું ચોક્કસ આયોજન કરવામાં આવશે.

વિકાસ યોજના પ્રસિદ્ધ થયા બાદ મોરબી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખા સમગ્ર શહેરમાં ડેવલોપમેન્ટ પરમિશન,બિલ્ડીંગ યુઝ પરમિશન તેમજ વિવિધ પ્રકારની મંજૂરીઓ નિયમિત અને સુવ્યવસ્થિત રીતે જારી કરશે. જેના કારણે બાંધકામ ક્ષેત્રે પારદર્શિતા વધશે, નવા પ્રોજેક્ટોને ગતિ મળશે અને નાગરિકોને સેવાઓ ઝડપી રીતે પ્રાપ્ત થશે. શહેરના ભવિષ્ય વિકાસમાં નાગરિકોની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા માટે મોરબી મહાનગરપાલિકા દ્વારા આવનારા દિવસોમાં સેમીનાર તથા પ્રેસ કોન્ફરન્સ યોજવામાં આવશે. જેમાં નાગરિકોના મંતવ્યો, સૂચનો અને સલાહ મેળવી તેમને વિકાસ યોજનામાં સમાવવાના પણ પ્રયાસો હાથ ધરાશે.

# કુંટુબ કલ્યાણ કાર્યક્રમ અંગે જનજાગૃતિ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર જિલ્લામાં મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો નૂપુર પ્રસાદ મેડમ ના માર્ગદર્શન હેઠળ ૨૧ નવેમ્બર થી ૪ ડિસેમ્બર સુધી પુરુષ નસબંધી પખવાડિયાની ઉજવણી થઈ રહી છે.જેમાં કુટુંબ કલ્યાણ કાર્યક્રમમા પુરુષ ભાગીદારી વધે અને સ્વસ્થ સુખી પરિવાર, પુરુષ ભાગીદારીથી સપનું થશે સાકાર ''થીમ અનુસાર SRPF કેમ્પ ચેલા ખાતે NSV FORTNIGHT અંતર્ગત પુરુષ નસબંધી ઓપરેશન માટે વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. જેમાં THO ડો.જે.આર.પટેલ, DIECO નીરજ મોદી, આયુષ MO ડો.મકવાણા, TMPS વરુભાઇ, MPS પંડ્યા ભાઈ તથા MPHW સોંદરવા હાજર રહ્યા હતા.

# મોરબી જિલ્લામાં મતદારયાદી ખાસ સઘન સુધારણા અભિયાન, ૨૯-30 નવેમ્બરે તમામ મતવિસ્તારોમાં વિશેષ કેમ્પો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ભારતના ચૂંટણી પંચ દ્વારા ૧ જાન્યુઆરી ૨૦૨૬ની લાયકાત તારીખને ધ્યાને રાખીને ચાલી રહેલા મતદારયાદી સઘન સુધારણા કાર્યક્રમ અંતર્ગત મોરબી જીલ્લામાં ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ વિશેષ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. ત્રણેય વિધાનસભા મતવિસ્તારો જેમાં મોરબી, ટંકારા અને વાંકાનેરમાં મતદારોને ગણતરી ફોર્મ ઝડપથી જમા કરવાની સુવિધા મળશે. જીલ્લા ચૂંટણી અધિકારીએ તમામ મતદારોને કેમ્પોની મુલાકાત લેવાની અપીલ કરી છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા તા. ૦૧/૦૧/૨૦૨૬ના લાયકાત દિવસને આધારે મતદારયાદીમાં નામ ઉમેરવા, સુધારવા અને અપૂર્ણ વિગતો સુધારવા માટે ખાસ સઘન સુધારણા કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. તેના ભાગ રૂપે મોરબી જીલ્લાના ૬૫-મોરબી, ૬૬-ટંકારા અને ૬૭-વાંકાનેર ત્રણેય વિધાનસભા મતવિસ્તારોમાં હાલમાં ગણતરી તબક્કો ચાલી રહ્યો છે. ચૂંટણી પંચના માર્ગદર્શક સૂચન અનુસાર બાકી રહેલા મતદારોના ગણતરી ફોર્મ ઝડપથી પ્રાપ્ત થાય તે માટે જીલ્લામાં ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ વિશેષ કેમ્પો યોજાશે. જીલ્લા ચૂંટણી અધિકારી અને મોરબી કલેક્ટર દ્વારા જાણવામાં આવ્યું છે કે, આ કેમ્પોમાં નાગરિકો સરળતાથી પોતાનું ગણતરી ફોર્મ જમા કરી શકશે તેમજ મતદારયાદી સંબંધિત જરૂરી માહિતી મેળવી શકશે. દરેક મતવિભાગમાં અનેક સ્થળોએ કેમ્પો નક્કી કરાયા છે જેથી ગામડાથી શહેર સુધીના તમામ મતદારોને અંદાજીત નજીકમાં સુવિધા મળી રહેશે. મોરબી વિધાનસભા (૬૫) વિસ્તારમાં, માળીયા (મી) મામલતદાર કચેરી, માળીયા તાલુકા શાળા, જુના હંજીયાસર પ્રાથમિક શાળા, વવાણીયા તાલુકા શાળા તથા મોરબી ગ્રામ્ય અને શહેર મામલતદાર કચેરીઓ ખાતે ૨૯ નવેમ્બરે બપોરે ૧૨ થી ૫ અને ૩૦ નવેમ્બરે સવારે ૧૦ થી સાંજે ૫ વાગ્યા સુધી કેમ્પો રહેશે. ઉપરાંત તમામ મતદાન મથકો પર પણ સુવિધા ઉપલબ્ધ રહેશે. ટંકારા વિધાનસભા (૬૬) વિસ્તારમાં, ટંકારા મામલતદાર કચેરી, પડધરી મામલતદાર કચેરી તેમજ મોરબી ગ્રામ્ય સેવા સદન ખાતે ૨૯ અને ૩૦ નવેમ્બરે કેમ્પો યોજાશે. અહીં પણ તમામ મતદાન મથકો કેમ્પ સ્થળ તરીકે કાર્યરત રહેશે. વાંકાનેર વિધાનસભા (૬૭) વિસ્તાર માટે, વાંકાનેર મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી તથા રાજકોટ ગ્રામ્ય કચેરી સહિત રાજકોટ જીલ્લાના નક્કી કરાયેલા સ્થળોએ પણ ૨૯ અને ૩૦ નવેમ્બરના રોજ કેમ્પો ચાલશે. ચૂંટણી વિભાગે સ્પષ્ટ કર્યું છે કે, આ કેમ્પો મારફતે મતદારયાદીમાં નામ ઉમેરવા, સરનામાંમાં ફેરફાર, વિગતો સુધારવા અથવા ભૂલો દૂર કરવાની તક મળશે. દરેક નાગરિકનું નામ મતદારયાદીમાં યોગ્ય રીતે જોડાય તે સરકારનો મુખ્ય હેતુ છે. જીલ્લા ચૂંટણી અધિકારી તથા કલેક્ટર મોરબીએ તમામ નાગરિકોને આ વિશેષ કેમ્પોની મુલાકાત લઈને વધારાનો સહકાર આપવા વિનંતી કરી છે જેથી આગામી ચૂંટણી પ્રક્રિયા વધુ પારદર્શક અને સુવ્યવસ્થિત બની રહે.

# હળવદના ગોલસણ ગામે જ્યુપીટરમાં દેશી દારૂની હેરાફેરી કરતા એક પકડાયો

હળવદ પોલીસે ગોલસણ ગામ નજીક રાણેકપર જવાના રસ્તે રોડ ઉઓર શંકાસ્પદ હાલતમાં ટીવીએસ જ્યુપીટર રજી.નં. જીજે-૩૬-એએમ-૬૩૭૫ વાળું મોપેડ લઈને આવતા એક શખ્સને રોકી તેની તલાસી લેતા તેમાંથી ૧૫ લીટર દેશી દારૂ કિ.રૂ.૩૦૦૦/-મળી આવ્યો હતો, જેથી પોલીસે તુરંત મોપેડ સવાર આરોપી નિલેશભાઈ ઉર્ફે ભુવો સોમાભાઈ ગણેશીયા ઉવ.૩૨ રહે. ગોલાસણ ગામ તા.હળવદ વાળાની અટક કરી દેશી દારૂ બાબતે સઘન પૂછપરછ કરતા , આ દેશી દારૂ વેચાણ અર્થે આરોપી વિજયભાઈ હેમુભાઈ કોળીને આપવા જતો હોવાની કબૂલાત આપતા, પોલીસે તે આરોપીને ફરાર દર્શાવી મોપેડ, દેશી દારૂ સહિત ૩૩,૦૦૦/-ના મુદ્દામાલ સાથે બન્ને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# આયુષ્માનકાર્ડ સાથે બી.પી., ડાયાબીટીશ ચેકઅપ કેમ્પ યોજાયો

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર નવાગામ ઘેડ સ્થિત સુયવંશી એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના સ્થાપક સુભાષભાઈ બચુભાઈ ગુજરાતીના માતા સ્વ જમનાબેન બચુભાઈ ગુજરાતીની શ્રદ્ધાંજલિ નિમિતે સુયવંશી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જામનગર કોળી સમાજની વાડી નાગેશ્વર પાર્ક જુના નાગના રોડ નાગેશ્વર કોલોની વિસ્તારમાં જરૂરિયાતમંદ લોકોને આયુષ્માન કાર્ડ,આધાર કાર્ડ તેમજ બી.પી.ડાયાબીટીશ ચેકઅપનો કેમ્પનું સુંદર ત્રિવેણી સંગમ કાર્યકર્મનું આયોજન યોજવામાં આવેલ જેમાં સમાજ ના આગેવાનો અને રાજકીય હોદેદારો ના વરદ હસ્તે દિપ પ્રાગટ્ય કરી અને ત્રિવેણી સંગમ કેમ્પ ની શુભ શરૂઆત કરવામાં આવેલ આ કેમ્પ JMC ના D.P.O,પોસ્ટ ઓફિસના સ્ટાફ તેમજ જામનગર મહાનગર પાલિકા શહેરી આરોગ્ય કેન્દ્ર ના ડ ા ે . ન ક ુ મ ન ી ટીમના.સહોયોગથી.બી.પી.ડાયાબીટીસ,આભા ,વય વંદના આયુષ્માન કાર્ડ,આયુષ્માન કાર્ડનો કેમ્પ યોજવામાં આવેલ હતો જેમાં કેમ્પના મુખ્ય મેહમાન કોર્પોરેટર પાર્થભાઈ જેઠવા, મુકેશભાઈ માતંગ કતપર વાળા કોળી સમાજના અગ્રણી વિજયભાઈ પરમા, મહેશભાઈ બામણીયા, ભાવેશભાઈ પરમાર, નરશીભાઈ પરમાર,ચંદુભાઈ પરમાર,અને સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહ્યા સર્વે સમાજ ના હોદેદારો અને રાજકીય પ્રતિનિધિઓ, સર્વે કર્મચારી ગણ વગેરે બહોળી સખ્યા માં લોકો ઉપસ્થિત રહી અને કેમ્પ ને સફળ બનાવેલ હતો આ સમગ્ર કેમ્પ નું સંચાલન ટ્રસ્ટ ના સ્થાપક સુભાષભાઈ ગુજરાત અને ટ્રસ્ટના મહિલા પ્રમુખ પ્રજ્ઞાબેન ગુજરાતી, પ્રમુખ જયેશભાઈ કંટારિયા,મંત્રી નરેશભાઈ રાઠોડ જેમની ટીમે ભારે જહેમત ઉઠાવેલ હતી.

# અખીલ ગુજરાત રાજપૂત યુવા સંઘ દ્વારા આયોજિત ૨૫મો ઝારા શહીદ શ્રધ્ધાંજલી સમારોહ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ભારત દેશની અને કચ્છની સ્વતંત્રતા, ધર્મ અને સંસ્કૃતિની રક્ષા કાજે અને તેના અસ્તિત્વનું સૌથી મોટું યુધ્ધ વી.સ. ૧૮૧૯માં સિંધના આક્રમણખોર બાદશાહ ગુલામશાહ કલોરા અને કચ્છના મહારાઓ શ્રી ગોડજી બીજા વચ્ચે લડાયું હતું. જેમાં શહીદ થયેલ હજારો વીરો-યોધ્ધાઓને શ્રધ્ધાંજલિ આપવા છેલ્લા ૨૪ વર્ષોથી, દર વર્ષે માગસર સુદ-અગીયારસ, (ગીતા જયંતી) ના દિવસે શહીદોને યાદ કરવા આ કાર્યક્રમ યોજાય છે. જેમાં ઉપસ્થિત રહી શહીદોને શ્રધ્ધાંજલિ આપવા આપ સૌને નિમંત્રણ છે. ઓછામાં ઓછું વર્ષમાં એકવાર આ શહીદોને યાદ કરીને શ્રધ્ધાંજલિ આપવા આપણે સૌ ઝારાના ડુંગર ઉપર આવીને નમન કરીએ એવી સૌને વિનંતી છે.

આ શહીદો ની યાદ ચિરંજીવી રાખવા અને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા અખિલ ગુજરાત રાજપુત યુવા સંઘ દ્વારા દર વર્ષે માગશર સુદ અગિયારસ ના રોજ ત્યાં સ્થળઃ ઝારા ડુંગર પર જ કાર્યક્રમ કરવામાં આવે છે.

કચ્છના અસ્તિત્વની આ મહત્ત્વની લડાઈમાં ઘણાં હોથી જાડેજા રાજપૂતો અને સાહેબ જાડેજા રાજપૂતો, વિરભદ્ર જાડેજા, ચાવડા જાડેજા રાજપૂતો, ભાયાતો એ બીજા ઘણી જાતિઓના લડવૈયાઓ શહીદ થયા હતા. ઈતિહાસમાં હોથી જાડેજા રાજપૂત શહીદોની યાદી મળે છે. આપણા રુવે-રૂંવા ખડા થઈ જાય છે કે એક જ કુટુંબના કેટકેટલા વીર પુરુષો શહીદ થયા છે. જેમના પગ ધોઈને પૂજીયે તોય આપણે સૌ તેઓનું ઋણ ઉતારી શકીએ તેમ નથી.

આ કાર્યક્રમ ડો. જયેન્દ્રસિંહ જાડેજા- એમ. ડી.. પી. ટી. જાડેજા આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ, દીપકસિંહ ઝાલા- આંતરરાષ્ટ્રીય મંત્રી, હનુમંતસિંહ જાડેજા- આંતરરાષ્ટ્રીય કાર્યકારી અધ્યક્ષ, નીરુભા ઝાલા, પ્રદેશ અધ્યક્ષ, અખિલ ગુજરાત રાજપુત યુવા સંઘ, દસરથબા મહેન્દ્રસિંહ પરમાર- પ્રદેશ અધ્યક્ષા મહિલા સંઘ, વિશુભા ઝાલા- પૂર્વ પ્રદેશ અધ્યક્ષ, રુદ્રદતસિંહ વાઘેલા- કાર્યકારી પ્રદેશ અધ્યક્ષ, નટુભા પી જાડેજા, પ્રદેશ ઉપાધ્યક્ષ દિગ્વિજયસિંહ ઝાલા, પ્રદેશ પ્રમુખ, યુવા પાંખ. સ્વરૂપસિંહ સોઢા, જિલ્લા પ્રમુખ વિજય સિંહ જેઠવા- કન્વિનયર, પ્રવીણસિંહ ઝાલા-સહ કન્વિનયર, સીતાપુર વગેરેના માર્ગદર્શન હેઠળ થવાનો છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભરતસિંહ ઝાલા-ભુજ શહેર પ્રમુખ, સમર્થસિંહ સોઢા-કાર્ય પ્રમુખ ભુજ, ખેતુભા જાડેજા-મોટા રેહા, શિવરાજસિંહ જાડેજા-મોટી ચિરઈ, નવુભા વાઘેલા રાપર, ભવાનસિંહ જાડેજા-ભચાઉ, રતનસિંહ જાડેજા, જેઠુંભા જાડેજા-ખટીયા, કિશોરસિંહ જેઠવા, પાંડાવદર, અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ તથા યુવા પાંખના કાર્યકરો જહેમત ઉઠાવી રહેલ છે.

અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘ આવા શહીદોને શ્રધ્ધાંજલી આપવા અંગેના ઉમદા કાર્યક્રમમાં પધારવા સૌને ભાવભર્યું આમંત્રણ પાઠવે છે.

# રાજકોટમાં યોજાનારી ઈ.પી.એફ.ઓ.ની પરીક્ષા અન્વયે પોલીસ કમિશ્નરે જારી કરેલા આદેશો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા એમ્પ્લોયમેન્ટ પ્રોવિડન્ટ ફંડ ઓર્ગેનાઈઝેશન માટે આસિસ્ટન્ટ પ્રોવિડન્ટ ફંડ કમિશનર અને એન્ફોર્સમેન્ટ ઓફિસર/ એકાઉન્ટ ઓફિસરની સંયુક્ત પરીક્ષાનું તા.૩૦/૧૧/૨૦૨૫ના રોજ સવારે ૮થી ૧ કલાક સુધી આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત રાજકોટ શહેરના કુલ ૦૪ પરીક્ષા કેન્દ્રો પર પોલીસ કમિશ્નરશ્રી બ્રિજેશ કુમાર ઝા દ્વારા નીચે મુજબના આદેશો જારી કરવામાં આવ્યા છે.

(૧) રાજકોટ શહેરના જે-જે શાળાઓને પરીક્ષા કેન્દ્ર તરીકે નકકી કરવામાં આવેલ છે. તે શાળાઓ (પરીક્ષા કેન્દ્રો) કંપાઉન્ડની ચારે બાજુની ત્રિજયાના ૧૦૦ મીટરના વિસ્તારમાં અનધિકૃત વ્યકિતઓ એકત્રીત થશે નહીં.

(૨) પરીક્ષા કેન્દ્રોની આજુબાજુની ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇ સ્ટેશનર્સ કે વેપારીઓ ઝેરોક્ષ મશીન અને ફેકસ મશીન ચાલુ રાખશે નહી કે શાળાઓમાં સંચાલકો ઝેરોક્ષ મશીન ચાલુ રાખશે નહી. અને ૧૦૦ મીટરની ત્રિજયામાં કોઇ વ્યકિત વાહનો લાવશે નહી કે શાળાઓમાં વાહનો લઈ જઈ શકશે નહીં. તેમજ શાળાઓ (પરીક્ષા કેન્દ્રો)ની ૧૦૦ મીટરની ત્રીજયામાં ચાર કે તેથી વધારે વ્યકિતઓ ભેગા થશે નહી.

(૩)પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓએ પ્રશ્નપત્રને લગતુ સાહિત્ય, પુસ્તક, ગાઇડ, ચાર્ટ, મોબાઇલ ફોન, ટેબ્લેટ, આઈ-પેડ, સ્માર્ટ વોચ જેવા ડીજીટલ ઉપકરણો ઈલેકટ્રોનીક સાધનો વગેરે પરીક્ષા સ્થળ અને પરીક્ષા ખંડમાં લઇ જવા નહી તેમજ સુપરવાઇઝરોએ પણ પરીક્ષા ખંડમાં મોબાઈલ ફોન લઇ જવા નહી.

(૪) શાળા-કોલેજોના સ્થળ સંચાલક, સુપરવાઇઝર (ખંડ નિરીક્ષકો), સરકારી પ્રતિનિધિ અને વર્ગ-૪ના પરીક્ષા કેન્દ્રોના બિલ્ડીંગમાં ફરજ બજાવતા કર્મચારીઓએ ચોકસાઇપુર્વકનું ઓળખકાર્ડ સાથે રાખવાનુ રહેશે અને તે ઓળખકાર્ડ સબંધિતોએ પહેરવાનું રહેશે. ઓળખકાર્ડ સિવાયની કોઇપણ વ્યકિત પરીક્ષા કેન્દ્રોમાં પ્રવેશ કરી શકશે નહી. શાળા(પરીક્ષા કેન્દ્ર)આજુબાજુની ૨૦૦ મીટરની ત્રિજયામાં લાઉડસ્પીકર વગાડી શકાશે નહી. સ્થાનિક સતાવાળાઓ પાસેથી જરૂરી પરવાનગી મેળવી હોય તેવી વ્યકિત કે વ્યકિત સમુહ, તેમજ પરીક્ષા કાર્યમાં રોકાયેલ તમામ ઓળખપત્ર ધરાવતી વ્યકિતઓ તેમજ ઓળખપત્ર ધરાવતા પરીક્ષાર્થીઓ ( પરીક્ષાર્થીઓ મોબાઈલ ફોન સાથે લઈ જઈ શકશે નહી.), કોઈ લગ્નના વરઘોડાને, કોઈ સ્મશાન યાત્રાને, ફરજ પરના પોલીસ/ એસઆરપી/ હોમગાર્ડ/ જી.આર.ડી.ના અધિકારી તથા જવાનોને આ હુકમમાંથી મુક્તિ આપવામાં આવે છે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.

# ઓખા--કાનાલુસ રેલ ડબલ લાઈન પ્રોજેક્ટ ગુજરાત માટે મહત્વપૂર્ણ નિર્ણય

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં આર્થિક બાબતોની કેબિનેટ કમિટીએ તાજેતરમાં ઓખા-કાનાલુસ વિભાગના ડબલ લાઇન પ્રોજેક્ટને મંજૂરી આપી દીધી છે. આ પરિયોજનાને પીએમ-ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન હેઠળ આયોજિત કરવામાં આવી છે, જેનું મુખ્ય ધ્યાન સંકલિત આયોજન અને હિતધારકોની સલાહ દ્વારા મલ્ટી-મોડલ કનેક્ટિવિટી અને લોજિસ્ટિક્સ કાર્યક્ષમતા વધારવા પર છે. આ પરિયોજના લોકો, માલસામાન અને સેવાઓની અવરજવર માટે અવિરત કનેક્ટિવિટી પ્રદાન કરશે. આ પ્રોજેક્ટ્સ નરેન્દ્ર મોદીના 'નવા ભારત'ના વિઝનને અનુરૂપ છે, જેનો હેતુ આ ક્ષેત્રમાં વ્યાપક વિકાસ કરવાનો છે.

દેવભૂમિ દ્વારકા ક્ષેત્રના આધ્યાત્મિક, આર્થિક અને લોજિસ્ટિક્સ વિકાસને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે આ અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. દ્વારકા વિશ્વના મુખ્ય તીર્થસ્થળોમાંનું એક છે, અને દેવભૂમિ દ્વારકામાં આવેલો ઓખા-કાનાલુસ વિભાગ આ પવિત્ર ધામ સુધી પહોંચવાનો મુખ્ય રેલ માર્ગ છે. આ રેલ સેક્શન સૌરાષ્ટ્ર ક્ષેત્રની બંદર કનેક્ટિવિટી અને ઔદ્યોગિક ગતિવિધિઓ માટે પણ અત્યંત મહત્ત્વપૂર્ણ છે અને તે જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લાઓમાંથી પસાર થાય છે. મુસાફરો તેમજ માલગાડીઓની વધતી માંગને જોતાં આ પરિયોજનાનું મહત્વ વધુ વધી જાય છે. ૧૫૯ કિલોમીટર લાંબા આ ડબલિંગ પ્રોજેક્ટની કુલ કિંમત ૧,૪૫૭ કરોડ રૂપિયા છે. આમાં ૭ મુખ્ય અને ૧૪૩ નાના પુલનો સમાવેશ થાય છે અને કુલ ૧૨ સ્ટેશનોઓખા, મીઠાપુર, દ્વારકા, ગોરિંજા, ઓખામઢી, ભાટિયા, ભોપલકા, ભાટેલ, ખંભાળિયા, મોડપુર, અને કાનાલુસઆ રૂટમાં આવરી લેવામાં આવશે. પરિયોજના પૂર્ણ થવા પર દ્વારકા આવતા તીર્થયાત્રીઓને ઝડપી, સુરક્ષિત અને અવિરત મુસાફરીની સુવિધા મળશે. આ ઉપરાંત, ખાદ્ય મીઠા સહિત વિવિધ વસ્તુઓના માલ પરિવહનમાં પણ મહત્વપૂર્ણ વધારો થશે.

આ પ્રોજેક્ટ ઓખા પોર્ટ અને સલાયા પોર્ટ જેવા મુખ્ય આર્થિક કેન્દ્રોને વધુ મજબૂત રેલ કનેક્ટિવિટી પ્રદાન કરશે, જેનાથી લગભગ ૧૧ મિલિયન ટન વધારાની માલ પરિવહન ક્ષમતા વિકસિત થશે. તેનાથી દર વર્ષે આશરે ૧૪ કરોડ કિલોગ્રામ ઉત્સર્જનમાં ઘટાડો થશે, જે લગભગ ૫૬ લાખ વૃક્ષો વાવવાની સમકક્ષ છે. સાથે જ, દર વર્ષે ૨.૮ કરોડ લીટર ડીઝલની બચત અને આશરે ૩૧૧ કરોડ રૂપિયાની લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો થશે.

વર્તમાનમાં રાજકોટ-કાનાલુસ વિભાગ (૧૧૧ કિમી) પર ડબલિંગ કાર્ય ૧,૦૮૦ કરોડ રૂપિયાના ખર્ચે ઝડપથી પ્રગતિ પર છે અને આશરે ૭૦% કાર્ય પૂર્ણ થઈ ચૂક્યું છે, જેને જૂન ૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરી લેવામાં આવશે. આ સમગ્ર પ્રોજેક્ટ સૌરાષ્ટ્ર ક્ષેત્રની કનેક્ટિવિટી, ઉદ્યોગ, પોર્ટ લોજિસ્ટિક્સ, તીર્થ પ્રવાસન અને પર્યાવરણ સંરક્ષણમાં મોટો બદલાવ લાવનારો છે.

# મોરબીના એડવોકેટ પૌત્રએ દાદીની ૨૦મી પુણ્ય સ્મૃતિમાં શાળામાં શૈક્ષણિક કીટનું વિતરણ કર્યું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી સ્વ. ત્રિવેણીબેન હર્ષદરાય દવેની ૨૦મી પુણ્ય તિથિ નિમિત્તે તેમના પૌત્ર તથા મોરબી ન્યુમિસમેટિક ક્લબના સ્થાપક ચેરમેન એડવોકેટ મિતેષભાઈ દવે દ્વારા શ્રી કૃષ્ણનગર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં શાળાના આચાર્ય પણ હાજર રહ્યા હતા. મોરબી ન્યુમિસમેટિક ક્લબના સ્થાપક ચેરમેન, એડવોકેટ મિતેષભાઈ દવેએ માળિયા(મી) તાલુકાની શ્રી કૃષ્ણનગર પ્રાથમિક શાળામાં તેમના દાદી સ્વ.શ્રી ત્રિવેણીબેન હર્ષદરાય દવેની ૨૦મી



પુણ્ય સ્મૃતિ નિમિત્તે એક સાર્થક સેવા કાર્યનું આયોજન કરવામાં આવ્યું હતું. એડવોકેટ મિતેષભાઈના હસ્તે શાળાના બાળકોને શૈક્ષણિક કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે શાળાના પ્રધાનાચાર્ય નીતાબહેન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

# ગોંડલની ૧૬૦૦થી વધુ વિદ્યાર્થિનીઓએ માનસિક સ્વાસ્થ્ય, કારકિર્દી અને પરીક્ષાલક્ષી તૈયારી માટે માર્ગદર્શન મેળવ્યું



**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાતના વિદ્યાર્થીઓ માનસિક રીતે મજબુત અને સ્વસ્થ રહે તે માટે રાજ્યની શાળાઓમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. જેના ભાગરૂપે રાજ્યના શિક્ષણ વિભાગ હસ્તકની વ્યવસાયી માર્ગદર્શન સંસ્થા અમદાવાદ અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, રાજકોટના સંયુક્ત ઉપક્રમે રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકાની યુ.એલ.ડી. ધડુક કન્યા વિદ્યાલય, મોંઘીબા હાઈસ્કુલ ફોર ગર્લ્સ અને કે.બી.બેરા કન્યા વિદ્યાલયની ધો.૦૭થી ૧૨ની વિદ્યાર્થિનીઓને માનસિક સ્વાસ્થ્ય, કારકિર્દી અને પરીક્ષાલક્ષી તૈયારી અંગેનો સેમિનાર યોજાયો હતો.

શાળા સલાહકાર ભાવનાબેન ભોજાણીએ રમતગમત, વિજ્ઞાન, મનોરંજન, સાહિત્ય સહિતના ક્ષેત્રોમાં અગ્રેસર રહેલા વ્યક્તિઓના જીવન પ્રસંગો તથા પ્રેરણાદાયી બોધ વાર્તાઓમાંથી વિદ્યાર્થીઓને શીખ લેવા સમજાવ્યું હતું. જીવનના કપરા સમયમાં મનોબળ મજબુત બનાવવા અને આવનારી પરીક્ષાઓમાં અથાક મહેનત કરવા જણાવ્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓએ રોજીંદા જીવનમાં કસરત, યોગ, ધ્યાન કરી શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ રહેવું જોઈએ તથા પૌષ્ટિક આહાર લેવો જોઈએ. યુ.એલ.ડી. ધડુક કન્યા વિદ્યાલયની ૯૦૦ વિદ્યાર્થિની, મોંઘી બા હાઈસ્કુલ ફોર ગર્લ્સની ૩૨૪ વિદ્યાર્થિની અને કે.બી.બેરા કન્યા વિદ્યાલયની ૪૪૦ વિદ્યાર્થિનીઓ મળીને ૧૬૬૪ વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# મોરબીમાં મહાપાલિકાની ખાતરી બાદ ઋષભ પાર્ક સોસાયટીના રહીશોનું જનઆંદોલન સમેટાયું

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીની ઋષભ પાર્ક સોસાયટીમાં ત્રણ વર્ષથી ચાલી રહેલી પીવાના પાણીની સમસ્યાને લઈને રહેવાસીઓ મહાનગરપાલિકા કચેરીએ રેલી કરીને પહોંચ્યા હતા. કમિશ્નર સાથે ચર્ચા બાદ પાણી સમસ્યાનું ઉકેલ લાવવા મહાનગરપાલિકાએ તાત્કાલિક પગલાં તથા કાયમી સમાધાન માટેનો ડીપીઆર મંજૂર થયાની ખાતરી આપતાં સાત કલાક ચાલેલું આંદોલન શાંતિપૂર્વક સમેટાયું હતું.

મોરબી શહેરમાં છેલ્લા ઘણા સમયથી ઊભી થયેલી પાણીની કટોકટી, જેમાં છેવડાની સોસાયટીઓમાં ખાસ કરીને ઋષભ પાર્ક સોસાયટીમાં પાણીની સમસ્યા તીવ્ર બની છે. ત્રણ વર્ષથી આ સમસ્યાનું કાયમી નિરાકરણ ન આવતા સોસાયટીના રહીશો વહેલી સવારથી બાળકો, મહિલાઓ અને વડીલો સહિત રેલી સ્વરૂપે પદયાત્રા કરીને મહાનગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતા. રહેવાસીઓએ સ્પષ્ટ



શબ્દોમાં કહી દીધું હતું કે, ''પાણી વગર અહીંથી હલવાના નથી,'' અને પાણી, નાસ્તો, ગોદળા-ગાદલા સહિત ધરણા માટેની સંપૂર્ણ તૈયારી સાથે તેઓએ આંદોલનનો ઈરાદો સ્પષ્ટ કર્યો હતો.

મહાનગરપાલિકા કમિશ્નર સાથે રહેવાસીઓની પ્રાથમિક બેઠક નિષ્કર્ષહીન રહેતાં સ્થિતિ તંગ બની હતી. જોકે બાદમાં મહાનગરપાલિકા ડેપ્યુટી કમિશ્નર સંજય સોનીએ પાણી સમસ્યા અંગે મહત્વપૂર્ણ માહિતી આપી. તેમણે જણાવ્યું કે ઋષભ પાર્ક સોસાયટી સહિત છેવાડા વિસ્તારની તમામ સોસાયટીઓની પાણી સમસ્યાના કાયમી ઉકેલ માટે ડીપીઆર તૈયાર થઈ ચૂક્યું છે અને સરકારની મંજૂરી પણ મળી ગઈ છે. નવી લાઇન નાખવાની કામગીરી પૂર્ણ થયા બાદ આ સમગ્ર વિસ્તારમાં નિયમિત અને પૂરતું પાણી પુરવઠો સુનિશ્ચિત થશે. તાત્કાલિક રાહત તરીકે સોસાયટીમાં વધારાના ચાર વાલ્વ મૂકવાની કામગીરી હાથ ધરાશે, જેથી પાણીના પ્રેસરમાં સુધારો થાય અને સમસ્યામાં ઘટાડો આવે. મહાનગરપાલિકાની ખાતરી બાદ સાત કલાકથી શિસ્તબદ્ધ રીતે ચાલતું રહેવાસીઓનું આંદોલન અંતે શાંતિપૂર્ણ રીતે સમેટાયું અને લોકો ઘરે પરત ફર્યા હતા.

# હળવદમાં પીધેલી હાલતમાં શખ્સ દારૂ-બિયર સાથે પકડાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ શહેરમાં મોરબી ચોકડી નજીક પોલીસ ટીમ વાહન ચેકીંગની કામગીરીમાં હોય તે દરમિયાન સર્પાકારે બુલેટ ચલાવી આવતા, એક શખ્સને રોકતા, બુલેટ ચાલક નશો કરેલી હાલતમાં મળી આવ્યો હતો, જ્યારે તેની પાસે રહેલ થેલીની તલાસી લેતા તેનાથી વિદેશી દારૂની એક બોટલ તથા બિયરના બે ટીન મળી આવ્યા હતા. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ બે અલગ અલગ કેસ નોંધી આગળની તપાસ ચલાવી છે.

હળવદ પોલીસ મથક પીઆઇ આર.ટી.વ્યાસની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ પોલીસ ટીમ સતત કાર્યરત હોય ત્યારે ગઈકાલે હળવદ પોલીસ ટીમ મોરબી ચોકડી નજીક વાહન ચેકીંગમાં હોય ત્યારે મોરબી તરફથી રોયલ એનફિલ્ડ કંપનીનું બુલેટ મોટર સાયકલ રજી.નં. જીજે-૧૩-બીએ-૯૬૦૦ આડું-અવળું સર્પાકારે ચલાવીને આવતા શખ્સને બુલેટ સહિત રોકી તપાસ કરતા, બુલેટ-ચાલક ફૂલ કેફી પ્રવાહીનો નશો કરેલ હાલતમાં મળી આવ્યો હતો જેથી પોલીસે આરોપી સતિષભાઈ ચંદુભાઈ વીંધાણી ઉવ ૨૪ રહે. બાઈસાબગઢ તા.ધ્રાંગધ્રા જી.સુ.નગર વાળાની અટક કરી હતી. બીજીબાજુ તેની પાસે રહેલ થેલીની તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂ ઓલ સિઝન વ્હિસ્કીની એક બોટલ કિ.રૂ.૧,૪૦૯/-તથા કિંગફિશર બિયરના બે નંગ ટીન કિ.રૂ.૪૪૦/- મળી આવ્યા હતા. હાલ હળવદ પોલીસે બુલેટ મોટર સાયકલ, વિદેશી દારૂ બિયરનો જથ્થો એમ કુલ રૂ. ૬૧,૮૪૦/-ના મુદ્દામાલ સાથે આરોપી વિરુદ્ધ બે અલગ અલગ કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# મોરબીના લખધીરપુર-ઘુંટુ-નીચી માંડલમાં બનતા રોડની સમીક્ષા કરતા ધારાસભ્ય દુર્લભજીભાઈ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી ગઈકાલ તા. ૨૭ના રોજ ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયા નવા બનેલા ૧૦ મીટર પહોળા સીસી રોડની સમીક્ષા મુલાકાતે આવ્યા હતાં. આ તકે નેશનલ હાઇવે એપ્રોચ માર્ગ પરનાં દબાણો તથા વિજપોલ હટાવી ફેનિંગ એરિયા વધારવા અધિકારીઓને સુચના આપી હતી. ઉપરાંત કેનાલ રોડથી ઘુંટુ તરફ તથા લખધીરપુર-ઘુંટુ માર્ગ પર નદી ઉપર નવા બ્રિજની તાત્કાલિક જરૂરિયાત દર્શાવીને સર્વે અને કાર્યવાહી માટે સૂચના અપાઈ હતી. જે બદલ મોરબીના ઉદ્યોગકારો અને સિરામિક એસોસિએશને ધારાસભ્યનો આભાર માન્યો હતો.

મોરબી તાલુકાના લખધીરપુર અને ઘુંટુ વિસ્તારના માર્ગ વિકાસ કાર્યની પ્રગતિનું નિરીક્ષણ કરવા તાજેતરમાં ધારાસભ્ય દુર્લભજી દેથરિયા સ્થળ પર પહોંચ્યા હતા. નેશનલ હાઇવેથી વાયા લખધીરપુરથી નીચી માંડલ રોડ તરફ ૧૦ મીટર પહોળાઈ ધરાવતા નવનિર્મિત સીસી



માર્ગના કામનું તેમણે અવલોકન કર્યું હતું. મુલાકાત દરમ્યાન નેશનલ હાઈવે એપ્રોચ વિસ્તાર ખાતે ફેનિંગ એરિયા વધારવા માટે રોડ પર આવેલા વિજપોલ તેમજ અન્ય દબાણો દૂર કરવાની તાત્કાલિક જરૂરિયાત અંગે સ્થળ પર જ સંબંધિત અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. વિશેષમાં, કેનાલ રોડથી ઘુંટુ તરફ જતા નવા સિરામિક ક્લસ્ટરના સીસી માર્ગ પર ઘુંટુ નદી નજીકના સ્મશાન પાસે નવો બ્રિજ બનાવવાની આવશ્યકતા ધારાસભ્યએ વ્યક્ત કરી હતી. ચોમાસામાં ભારે વાહનોની અવરજવર અવિરત રહે તે માટે નવો બ્રિજ અગત્યનો હોવાનું સૂચવતા અધિકારીઓને તાત્કાલિક દરખાસ્ત મોકલવા ભલામણ કરી. આ ઉપરાંત, લખધીરપુર-ઘુંટુ-લિવોલા માર્ગ ઉપર હાલ ચાલી રહેલા સીસી રોડના કામ દરમિયાન ઘુંટુ ગામની નદીના હૈયાત વોકળા પર પણ નવો બ્રિજ બનવો જરૂરી હોવાનું દુર્લભજીભાઈએ ભારપૂર્વક જણાવ્યું હતું. આ બ્રિજોના નિર્માણ થવાથી લખધીરપુર ગામને હળવદ રોડ સાથે યોગ્ય કનેક્ટિવિટી મળશે અને સમગ્ર ટ્રાફિક વ્યવસ્થા વધુ સુલભ બનશે. ધારાસભ્ય દેથરિયાએ બંને સ્થળોની મુલાકાત પછી ત્વરિત સર્વે હાથ ધરવા તથા જરૂરી કાર્યવાહી કરવા અધિકારીઓને સ્પષ્ટ સૂચના આપી હતી. આ પ્રયત્નોને લઈને લખધીરપુર રોડના તમામ ઉદ્યોગકારો તથા સિરામિક એસોસિએશને ધારાસભ્ય દુર્લભજીભાઈ દેથરિયાનો હૃદયપૂર્વક આભાર માન્યો છે.

# મોરબી સાદુળકા નજીક ટ્રકે ટ્રિપલ સવારી બાઇકને હડફેટે લેતા બેના મોત, એક ગંભીર ઘાયલ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી-માળીયા રોડ પર તાલુકાના સાદુળકા ગામ પાસે ટ્રક ચાલકે પોતાનો ટ્રક ફૂલ સ્પીડના ચલાવી ટ્રિપલ સવારી બાઇકને ઠોકરે ચડાવતા બાઇક સવાર બે યુવાનોના મોત થયા છે જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે. ત્યારે સમગ્ર દુર્ઘટના મામલે મોરબી તાલુકા પોલીસે આરોપી ટ્રકના ચાલક વિરુદ્ધ બીએનએસ તથા એમવી એક્ટ હેઠળ ગુનો દાખલ કરી આગળની તપાસ ચલાવી છે.

મોરબી તાલુકાના સાદુળકા ગામ નજીક ગત તા.૧૯/૧૧ ની રાત્રે ગંભીર અકસ્માત સર્જાયો હતો. મળતી માહિતી મુજબ, મોરબી-માળીયા રોડ પર નવા સાદુળકા ગામ આગળ સર્વોદય હોટલ નજીક ટ્રિપલ સવારી સ્પલેન્ડર પ્લસ બાઇક રજી.નં. જીજે-૦૩-એફજી-૩૨૨૮ ઉપર જઈ રહેલા ત્રણ યુવકોને અશોક લેલન ટ્રક રજી.નં. જીજે-૦૩-બીઝેડ-૯૪૧૭ ના ચાલકે પોતાનો ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી બાઇકની હડફેટે લઈ અકસ્માત સર્જ્યો હતો. આ અકસ્માતમાં બાઇક ચાલક



અમિતકુમાર રમેશકુમાર વિશ્વકર્મા અને પાછળ બેઠેલ શિવરામ ભેરુસિહ ભાબર મધ્યપ્રદેશ વાળાને ગંભીર ઈજા થતાં ઘટનાસ્થળે જ મોત નિપજ્યા હતા. જ્યારે ત્રીજા સાથી અકલેશ કેલાશ સરિયામને પગ અને માથા પર ગંભીર ઈજાઓ થતા તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. આ અક્ષણત મામલે ફરીયાદી કમલસિંહ જુવાનસિંહ રાવત રહે. હાલ એક્સપર્ટ પાર્ટીકલ બોડ કારખાનાના લેબર ક્વાર્ટરમા, રવાપર(નદી) મુળ ગામ ધનોરા તા-ગનવાની જી. ધાર(મધ્યપ્રદેશ) વાળાએ મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં ટ્રક ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી સને ગુનો નોંધી આગળની તજવીજ શરૂ કરી છે.

# મોરબી પાટીદાર વુમન્સ ગ્રુપ દ્વારા આગામી રવિવારે મેડિકલ કેમ્પ યોજાશે

## ''સેવા એ જ પરમ ધર્મ'' ના સૂત્રને સાર્થક કરતું પાટીદાર વુમન્સ ગ્રુપ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી પાટીદાર વુમન્સ ગ્રુપ દ્વારા આઈ એમ એના સહયોગથી આગામી તા.૩૦ ને રવિવાર ના રોજ મોરબીના નવા બસ સ્ટેન્ડ પાછળ કન્યા છાત્રાલય ખાતે મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં મોરબીના નામાંકિત ડોક્ટર ડો.ઉમેશ ગોધવિયા, ડો.યશ કડીવાર, ડો.મિરલ આદ્રોજા, ડો.વિપુલ કાવર, ડો.જયેશ સનાળિયા, ડો.ઋષિ વાસદડિયા અને ડો.નિધિ સુરાણી સહિતના ડોક્ટર સેવા આપશે. આ મેડિકલ કેમ્પમાં બીપી, ડાયાબિટીસ, હૃદય રોગ,પેટના રોગો, છાતીમાં ગાંઠ, પથરી, સાંધાના દુખાવા, કમરનો દુખાવો, ચામડીના રોગો,




સ્ત્રીને લગતા રોગ, ડિપ્રેશન, ગભરામણ, માનસિક રોગ, હિમોગ્લોબીન અને બ્લડ સુગરની તપાસ સહિતના રોગોની સારવાર આપવામાં આવશે. કેમ્પમાં દવા પણ નિઃશુલ્ક આપવામાં આવશે. આ કેમ્પમાં મોટી સંખ્યામાં મોરબીવાસીઓ લાભ લે તેવી અપીલ પાટીદાર વુમન્સ ગૃપ દ્વારા કરવામાં આવી છે

આ કેમ્પ નિઃશુલ્ક છે અને દર્દીઓએ નીચેના નંબર પર રજિસ્ટ્રેશન કરાવવા વિનંતી કરી છે. સાધનાબેન ઘોડાસરા - ૭૯૮૪૨૬૧૫૯૯, કાજલબેન આદ્રોજા - ૯૮૭૯૫૩૨૩૫૭, ક્રિષ્નાબેન પનારા - ૯૦૯૯૦૧૧૬૮૦, અલ્પાબેન કાસુન્દ્રા - ૯૮૨૫૩૧૨૯૭૬ રજીસ્ટ્રેશન નિશુલ્ક છે અને રજીસ્ટ્રેશન વગર પણ આવેલ તમામ દર્દીઓનું નિદાન કરવામાં આવશે તેમ યાદીમાં જણાવવાના આવ્યું છે.

# જિંદગી કે રંગ કર્મયોગ કે સંગઃ કર્મયોગ મંદિર દ્વારા આગામી તા. ૪ જાન્યુઆરીના કર્મજ્ઞાન દિવસની કરાશે ગરિમાપૂર્ણ ઉજવણી

## આગામી તા. ૧ ડિસેમ્બર થી નિશુલ્ક રજીસ્ટ્રેશન શરૂ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જિંદગી ખૂબસૂરત છે પરંતુ કર્મજ્ઞાનના અભાવને કારણે આજનો માનવી દુઃખી અને હતાશ છે ભાગદોડ ભરી જિંદગીમાં વ્યક્તિ કોઈને કોઈ કારણે માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ નથી કર્મજ્ઞાન એવું ચમત્કારિક વિજ્ઞાન છે કે જે પ્રત્યેક વ્યક્તિના જીવનમાં અવનવા રંગો પૂર્ણ કરી તેનું જીવન ઉલ્લાસમય બનાવી દે છે જેના કારણે માનવી પોતાની દરેક ક્ષણ હસી ખુશી અને પરિવાર સાથે મોજથી વિતાવી શકે છે

ખુશ હો કર કામ કરોગે તો ખુશી ઓર સફળતા દોનો મિલેગી આ




અત્યંત ચમત્કારિક સૂત્રના રચયિતા અને કર્મયોગ મંદિરના સ્થાપક ડો રાજીવ મિશ્રા છેલ્લા ૧૭ વર્ષથી નિષ્કામ ભાવે યોગ અને પ્રાણાયામના અભ્યાસ સાથે કર્મજ્ઞાનનો પણ નિરંતર અભ્યાસ કરાવી રહ્યા છે છેલ્લા દસ વર્ષથી કર્મયોગ મંદિર દ્વારા કર્મજ્ઞાન દિવસની આસ્થાભેર ઉજવણી કરાઈ રહી છે એ જ શૃંખલામાં આગામી તારીખ ૪ જાન્યુઆરી ૨૦૨૬ ને રવિવારના સવારે ૧૦ થી ૧૨ કલાક દરમિયાન રાજકોટના અટલ બિહારી વાજપેઈ ઓડિટોરિયમ પેડક રોડ ખાતે ૧૧માં કર્મજ્ઞાન દિવસની પણ ગરિમાપૂર્ણ ઉજવણી કરાશે જેમાં ડો રાજીવ મિશ્રા દ્વારા જીવનને ચહક મહક અને ચમક દેવાવાળા વિજ્ઞાન એટલે કે કર્મજ્ઞાન પર નિશુલ્ક સેમિનારનું આયોજન કરાયું છે જેમાં ભાગ લેવા રજીસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે આ રજીસ્ટ્રેશન આગામી તારીખ ૧ ડિસેમ્બર થી શરૂ થશે જે માટે નંબર ૮૫૧૧૮૨૯૦૦૨, ૯૪૨૮૭ ૮૮૬૪૨, ૯૮૨૫૯ ૪૪૭૯૯ તેમજ ૯૯૨૫૨ ૪૨૯૯૩ નો સંપર્ક કરવો.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# રાજકોટમાં સગર્ભાને પતિએ બેરેહમીથી માર માર્યો

### સાસરિયાએ પતિ અને ત્રણેય સંતાનને ક્યાંક મોકલી દીધા હોવાની ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કાલાવડ રોડ પર સત્ય સાંઈ રોડ ઉપર મારૂતિ ચોક નજીક શ્રીજી હેરીટેજ એપાર્ટમેન્ટમાં રહેતા ધ્યાનાબેન (ઉ.વ.૩૭)એ પતિ સંદીપ દાવડા, સસરા બિપીનભાઈ, સાસુ રંજનબેન, જેઠ પીનાકીન અને જેઠઠી પૂનમબેન સામે ત્રાસ ગુજાર્યાની તાલુકા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ધ્યાનાબેને પોલીસને જણાવ્યું કે તેના લગ્ન ૨૦૧૩માં થયા હતા. પતિ બાંધકામ અને જમીન લે-વેચનું કામ કરે છે. લગ્નના થોડા સમય બાદથી પતિએ ખોટા શંકાઓ શરૂ કર્યું હતું. સાંજે ઘરે આવતા સાસુ-સસરા ચડામણી કરતા હતા. સંતાનમાં પુત્ર પ્રત્યક્ષનો જન્મ થતાં હોળીના તહેવારમાં ભાઈ પ્રદીપભાઈ તેને હોળીના ફેરા ફેરવવા આવ્યા હતાં. પરંતુ સસરા અને પતિએ તારો ભાઈ પ્રદીપ હોળીના ફેરા નહીં ફેરવે પણ પીનાકીન ફેરવશે કહેતા તેને તે મામા થાય છે આથી તે ફેરા ફેરવશે કહેતા સસરા અને જેઠે બોલાચાલી કરી હતી. આથી તે ભાઈ સાથે મોરબી પિયર જતા રહ્યા હતા. તે પતિને અવારનવાર તેડી જવા ફોન કરતી હતી પરંતુ પતિ તેના માતા-પિતા વિશે અપશબ્દો બોલી ત્રાસ આપતો હતો.

બાદ અરસપરસ સમજાવટથી તે ફરીવાર રાજકોટ આવી ગઈ હતી. તે પ્રેગનન્ટ હોવાથી સસરા અને પતિએ પુત્ર પ્રત્યક્ષને નણંદના ઘરે જવા માટે તૈયાર કર્યો હતો. પરંતુ પુત્રને જવું ન હોવાથી નથી જવું તો શું કામ મોકલો છો? તેમ કહેતાં પતિએ સાસરિયાઓની હાજરીમાં મારકૂટ કરી હતી. સાસરિયા પક્ષનો વ્યવહાર બરાબર ન હોવાથી તે માવતરે જતી રહી હતી. પ્રેગનન્સીનો આઠમો મહિનો ચાલતો હોવા છતાં સાસરિયાઓએ કોઈ ખબર અંતર પૂછ્યા ન હતાં. તેમજ ત્રાસ આપતાં કંટાળી ગયા હતાં.

પતિએ મોરબી ફેમિલી કોર્ટમાં પુત્રની કસ્ટડી મેળવવા અરજી કરી હતી. આ સમયે બીજા પુત્ર દર્શનનો જન્મ થયો હોવા છતાં સાસરિયાઓ ખબર અંતર પૂછવા આવ્યા ન હતાં.

જેથી સાસરિયાઓ વિરૂધ્ધ ડોમેસ્ટીક વાયોલન્સ અંગેની કોર્ટમાં અરજી કરી હતી. જેમાં સમાધાન થઈ ગયું હતું. કોર્ટની સૂચના મુજબ સાસુ-સસરા અને જેઠ-જેઠાણીને અલગ રહેવાનું કહેતા તે હેરીટેજ એપાર્ટમેન્ટમાં રહેવા આવી ગયા હતાં. ત્રીજી પ્રેગનન્સી વખતે દીકરીનો જન્મ થયો હતો.

આ સમયે ઓપરેશન આવ્યું હોવાથી તે કામકાજ કરી શકે તેમ ને હોવા છતાં સાસુ સારસંભાળ રાખવાને બદલે પતિને ચડામણી કરી ઝગડા કરાવતા. તા. ૨૮-૧૦નાં પતિ ત્રણેય બાળકોને પ્લોટિંગ બતાવવા જાવ છું, તું જમવાનું બનાવી રાખજે, ઘરે પરત આવી સાળંગપુર જવું છે તેમ કહી નીકળ્યા બાદ ઘરે પરત આવ્યા ન હતાં. ફોન કરતાં બંધ આવતો હતો. આ સમયે સસરાએ તેમને નાસ્તો વગેરે આપ્યો હોવાનું જાણવા મળ્યું હતું.એમ સાસરિયાઓએ તેના પતિને બાળકો સહિત ક્યાંક મોકલી આપી ત્રાસ ગુજારતા ફરિયાદ નોંધાવી હતી

## હળવદના ગ્રામ્યમાં ૧૩ વર્ષીય સગીરાને પરિણીત ઢગો ભગાડી ગયો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ તાલુકાના એક ગામમાં ૧૩ વર્ષીય સગીરાનું લગ્નની લાલચે અપહરણ કરી નરાધમ પરિણીત શખ્સ ભગાડી ગયો હોવા અંગે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. હળવદ પંથકના ગ્રામ્ય વિસ્તારમાં ખેત શ્રમિક પરિવારની માત્ર ૧૩ વર્ષીય સગીરાનું લગ્નની લાલચે બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી જનાર વિરુદ્ધ અત્રેના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. જે મામલે પ્રાપ્ત વિગતો મુજબ ગઈ તા.૧૩/૧૧ ના રોજ રાત્રીના આરોપી પરિણીત ફુલકનભાઈ અનાજાભાઈ રાઠવા રહે.સકનાકીમાલ ગામ જી.અલીરાજપુર મધ્યપ્રદેશ વાળો તથા ભોગ બનનાર સગીરા ખેતરના માર્ગે બેઠા હતા, જે બંનેને આરોપીની પત્ની જોઈ જતા, તેમને કહેલ કે અહીંયા કેમ બેઠા છે ત્યારે આરોપીએ તેની પત્નીને માર મારી ૧૩ વર્ષીય સગીરાનું અપહરણ કરીને ભગાડી ગયો હતો. હાલ પીડિતાના પિતાની ફરિયાદને આધારે હળવદ પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી અલગ અલગ દિશામાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# ક્રિષ્ના વોટર પાર્કના માલિકે લગ્ન પ્રસંગમાં આવેલા નાના ભાઈને ફરિયાદ પાછી ખેંચી લેવા કહી કર્યો હુમલો

### કિશાન સંઘના પ્રમુખને ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ક્રિષ્ના વોટર પાર્કના માલિક હરિભાઈએ લગ્ન પ્રસંગમાં આવેલા તેના સગા નાના ભાઈ સાથે તેણે અગાઉ કરેલી પોલીસ ફરિયાદ પાછી ખેંચી લેવા બાબતે બોલાચાલી કરી હુમલો કરતાં ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલ હોસિપટલમાં ખસેડાયા હતા. અમદાવાદમાં રહેતા અને રાજકોટમાં કુવાડવા રોડ ખાતે ફેક્ટરી ધરાવતા સુરેશભાઈ ગોવિંદભાઈ કણસાગરા(ઉં.વ.૬૩) બુધવારે ગોંડલ રોડ ચોકડી પર આવેલ ક્રિષ્ના પાર્ક ખાતે લગ્ન પ્રસંગમાં આવ્યા હતા ત્યારે તેના મોટા ભાઈ હરિભાઈ ગોવિંદભાઈ કણસાગરાએ અગાઉ કરેલી પોલીસ ફરિયાદ પાછી ખેંચી લેવા બાબતે માથાકૂટ કરી સુરેશભાઈને માર માર્યો હતો.ઈજાગ્રસ્ત હાલતમાં સુરેશભાઈ



સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. બનાવ અંગે હોસિપટલ ચોકીના સ્ટાફે જાણ કરતા પોલીસે જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. વધુમાં સુરેશભાઈએ જણાવ્યા અનુસાર, અંદાજિત પંદરેક દિવસ પહેલાં જ આ હરિભાઈએ તેના પુત્રને ફેક્ટરી બંધ કરી દેવા બાબતે ખૂનની ધમકી આપી હતી. આ મામલે સુરેશભાઈના પુત્રના મેનેજરની ફરિયાદ પરથી પોલીસે હરિભાઈ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.જેનો ખાર રાખી આ હરિભાઈએ અમદાવાદથી ભાણેજની દીકરીના લગ્નમાં આવેલા તેના નાના ભાઈ સુરેશભાઈ કણસાગરાને જૂની ફરિયાદ પાછી ખેંચી લેવા બાબતે માથાકૂટ કરી આડેધડ હુમલો કરતાં સુરેશભાઈ તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. પોલીસે સુરેશભાઈનું નિવેદન નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. અગાઉ કરેલી પોલીસ ફરિયાદમાં સુરેશભાઈના પુત્રના મેનેજરે હરિભાઈ સહિતનાઓના નામો આપ્યા હતા. ફરિયાદમાં ઉલ્લેખ કર્યા અનુસાર, આ હરિભાઈ તેના ઝનૂની સ્વભાવને લીધે અવારનવાર આ પ્રકારે માથાકૂટ કરતાં હોય આ ઉપરાંત ઉશ્કેરાઈ જઈ માર માર્યાનું સામે આવતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી. જેનો ખાર રાખી ફરી એક વાર હરિભાઈએ તેના નાના ભાઈ સુરેશભાઈને આડેધડ માર મારતાં પોલીસે સુરેશભાઈનું નિવેદન લઈ વધુ તજવીજ હાથ ધરી છે.

# વેપારીને ગોંધી ગુપ્તાંગમાં વીજશોક આપવાના પ્રકરણમાં એ-ડિવિઝનના PI બોરીસાગર વિરુદ્ધ ગુનો નોંધવા કોર્ટનો હુકમ

### બે પેઢીના માલિકોએ દોઢ કરોડ વસૂલવા હવાલો આપતા પોલીસ સ્ટાફે ઢોર માર માર્યો’તો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ખેત જણસો સહિતની આયાત નિકાસ કરતી બે પેઢીઓના માલિકોએ ધંધાકીય વ્યવહારો પેટે દોઢ કરોડનો હવાલો વસુલવા એગ્રો ફ્લોર મિલધંધાર્થીને તત્કાલીન ડીસીબી પીએસઆઇ અને હાલના એ ડિવિઝનના પીઆઇ બોરીસાગર અને સ્ટાફે કચેરીમાં ગોંધી રાખી ઢોરમાર મારી ગુપ્તાંગમાં વીજશોક આપ્યાની કોર્ટ ફરિયાદમાં ચીફ કોર્ટ દ્વારા હાલના પીઆઇ અને તત્કાલીન પીએસઆઇ ભરતભાઈ બોરીસાગર સામે ગુનો રજિસ્ટર કરવા હુકમ કર્યો છે. આ કેસની હકીકત એવી છે કે, ખોડિયાર એગ્રો. ફલોર મિલ્સ પ્રા. લી.વાળા રોહિત હેમંતભાઈ ચંદ્રાલાએ ધ્વની ઈન્ટરનેશનલ અને બાલાજી એકઝીમને માલ વહેંચેલ તેના બદલામાં રૂપિયા લેવાના બાકી હતા અને આ ધ્વની ઈન્ટરનેશનલ અને બાલાજી એકઝીમના માર્લીક દિલીપભાઈ રણછોડભાઈ સખીયા પાસેથી રૂા. ૧.૫૦ કરોડ પુરા વ્યાજે લીધેલ હતા. જેનું વ્યાજ ચુકવતા હતા, દરમિયાન આ બાલાજી એકઝીમ અને ધ્વની ઈન્ટરનેશનલએ રોહિત હેમંતભાઈ ચંદ્રાલાને માલ પેટેના રૂપિયા જમા કરાવેલ, જે વસૂલવાનો હવાલો દિલીપભાઈ રણછોડભાઈ સખિયાએ રાજકોટ એલ.સી.બી. કચેરીના તત્કાલીન પીએસઆઈ ભરતભાઈ બોરીસાગરને હવાલો આપેલ. જેમાં ભરતભાઈ બોરીસાગરે રોહિતભાઈ ચંદ્રાલાને તા. ૩૧/ ૦૭/ ૨૦૨૩ના રોજ ગોંધી રાખી અસહ્ય માર મારી ગુપ્તાંગમાં ૧૦થી ૧૫ વખત શોર્ટ આપેલ. જેની ફરીયાદ રોહિત ચંદ્રાલાએ રાજકોટની ચીફ કોર્ટમાં દાખલ કરી હતી અને તા. ૧૧/૦૭/૨૦૨૩ના રોજ એલ.સી.બી. પી.એસ.આઈ. ભરતભાઈ બોરીસાગર અને તેના સ્ટાફના ૭ માણસો યશવંત રણછોડભાઈ સખીયા, દિલીપ રણછોડભાઈ સખીયા, નરેન્દ્રભાઈને કોર્ટ સમક્ષ હાજર રહેવા નોટિસ કાઢવામાં આવેલ. ત્યારબાદ સમગ્ર કેસ ચાલી જતા રાજકોટ ચીફ કોર્ટ દ્વારા ભરતભાઈ બોરીસાગર વિરુધ્ધ આઈ.પી.સી કલમઃ- ૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) વિગેરે મુજબ ગુન્હો રજિસ્ટર કરવા હુકમ ફરમાવેલ છે. આ કામે ફરીયાદી વતી કોર્ટમાં વકીલ તરીકે ધારાશાસ્ત્રી મેઘરાજસિંહ એમ. ચુડાસમા રોકાયા હતા.

# નવાગામમમાં બે પુત્રીઓ સાથે આપઘાત કરી લેનાર મહિલા સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નવાગામનમાં ન્યુ શકિત સોસાયટીમાં ૧૪ દિવસ પૂર્વે એટલે કે ગત.તા.૧૩ના માતાએ પોતાની બે બાળકીની હત્યા નિપજાવી બાદ તેણીએ પણ આત્મહત્યા કરી લીધી હતી. પ્રાથમિક તપાસમાં સંતાનમાં પુત્રી પ્રાપ્તિ ન હોય તેમજ બીજી પુત્રીના જન્મ બાદ માસીક ધર્મ અ નિયમીત હોય જેના કારણે શારીરિક તકલીફો થવાના કારણે કંટાળી જઈ પગલું ભર્યાના બનાવમાં પોલીસે પતિની ફરિયાદ પરથી મૃતક પત્ની સામે ગુનો નોંધ્યો છે. નવાગામ ન્યુ શકિત સોસાયટી શેરી નં ૬માં રહેતા જયેશભાઈ વિનોદભાઈ સોલંકીએ બી ડીવીઝન પોલીસમાં મૃતક પત્ની અસ્મીતાબેન સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે ગત.તા.૧૩ના સવારે ઘરેથી રિક્ષા લઈને કામે ગયો હતો. બાદ સાંજે પત્નીનો ફોન આવ્યો અને કહ્યું કે રિચાર્જ પુરૂ થઈ ગયું છે. તમે કયારે આવશો સહિતની વાત કરી ફોન મુકી દીધો હતો. રાત્રીના સવા નવેક વાગ્યે ઘરે પહોંચ્યો ત્યારે નીચે કોઈ જોવા ન મળ્યું જેથી ઉપરના રૂમમાં ગયો ત્યારે દરવાજો બંધ હતો.જેથી સ્લાઈડીંગ બારીમાંથી જોતા જ છત્તના હુકમાં સાડીથી પત્ની, પુત્રી પ્રિયાંશી ઉ.૮ અને હર્ષિતા ઉ.૫ લટકતા જોવા મળેલ જેથી દેકારો કરતા આસપાસના લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા.બાદ ૧૦૮એ ત્રણેયને મૃત જાહેર કર્યા હતા.

વધુમાં જણાવ્યું હતું કે મારા ૧૦ વર્ષ પૂર્વે અસ્મિતાબેન સાથે લગ્ન થયા હતા. પ્રથમ સંતાનમાં પુત્રીનો જન્મ થયો હતો. બીજા સંતાનમાં પણ પુત્રીનો જન્મ થયો હોય જેથી પત્ની સતત આઘાતમાં અને દુઃખી રહેતી હતી.તેમજ બીજી પુત્રીના જન્મ પછી તેને માસિકને લગતી તકલીફ હોવાથી કંટાળી જઈ પગલું ભર્યુ હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધ્યો છે.

# મનપા ના પૂર્વ ટીપીઓ સાગઠિયા સામે નાણાંની ગેરકાયદે હેરફેરનો ગુનો દાખલ કરતું ઈડી

### મહાપાલિકાના જનરલ બોર્ડે મંજૂરી આપ્યાના બે મહિના બાદ ગુનો દાખલઃ આવક કરતા વધુ સંપતિ વસાવવા બદલ એસીબીમાંથી જામીન મળ્યા, હવે ઈડી ધરપકડ કરી કબજો લેશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**



ટીઆરપી ગેઈમ ઝોન અગ્નિકાંડ કેસમાં બેદરકારી બદલ ક્રાઈમ બ્રાન્ચે ધરપકડ કર્યા બાદ કાયદાના ગાળિયામાં ફસાયેલા સસ્પેન્ડેડ ટાઉન પ્લાનિંગ ઓફિસર એમ.ડી.સાગઠિયા વિરુદ્ધ એન્ટી કરપ્શન બ્યુરોએ બેનામી સંપત્તિ વસાવવાનો ગુનો દાખલ કરી ધરપકડ કરી હતી. આ તમામ કેસમાં સાગઠિયાને સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા હતા. જો કે તેમના ઉપર એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ (ઈડી) દ્વારા ગેરકાયદે નાણાંની હેરફેર બદલ ગુનો દાખલ કરવા મંજૂરી માંગી હોય બે મહિના પહેલાં મહાપાલિકામાં મળેલા જનરલ બોર્ડ દ્વારા મંજૂરી આપી દેવાતા હવે ઈડીએ સાગઠિયા સામે ગુનો દાખલ કર્યો હતો.

ઈડી દ્વારા પીએમએલએ એક્ટ હેઠળ આ ગુનો દાખલ કરવામાં આવ્યો છે ત્યારે હવે ગમે ત્યારે સાગઠિયાની ધરપકડ કરી લેવામાં આવશે. બીજી બાજુ ત્રણ દિવસ પહેલાં જ એમ.ડી. સાગઠિયાએ ટાઉન પ્લાનિંગ શાખાનું અતથી ઈતિ મતલબ કે ૧૭ વર્ષનો 'હિસાબ' માંગતી આરટીઆઈ કરતા અધિકારીઓ જવાબ શોધવા માટે ઉંધા થઈ ગયા હતા. હવે ઈડીએ ગુનો દાખલ કરતા સાગઠિયાની મુશ્કેલીમાં વધારો થવો નિશ્ચિત બની ગયો છે.

# શાપર-વેરાવળમાં ગેસનું મીની સિલિન્ડર ફાટતા બે શ્રમિક દાઝ્યા



### યુવાને સિગારેટ સળગાવતા ઘટના ઘટી; બંને સારવારમાં

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શાપરમાં સિલિન્ડર બ્લાસ્ટમાં બે શ્રમિક દાઝ્યા છે. રાજકોટમાં અગાઉ બે ઘટના બની હતી. જેમાં મીની સિલિન્ડર ફાટ્યા હતા અને ૪ લોકો ઘવાયા હતા. આવા સિલિન્ડરની કાળા બજારી થતી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ત્યારે આ રીતે થતા વેચાણમાં લોકોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે.

ઘટના અંગે મળતી માહિતી મુજબ, મોનુ દિલીપભાઈ કોલ (ઉંમર વર્ષ ૧૯) અને કિશોર રાજુભાઈ બસરા (ઉંમર વર્ષ ૨૨) (રહે. બંને શાપર વેરાવળ શીતળા મંદિર પાસે, રાજ ઋષિ કંપનીની બાજુમાં ઓરડીમાં) રાત્રે ૨૩૦ વાગ્યા આસપાસ બંને પોતાની ઓરડીમાં હતા ત્યારે મીની ગેસ સિલિન્ડર ફાટતાં બંને શરીરે દાજી ગયા હતા. તેઓને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. તેમના પરિવારજનો - સાથી શ્રમિકોએ જણાવ્યું કે, મોનુ અને કિશોર બંને મધ્યપ્રદેશના વતની છે. અહીં શાપરમાં કારખાનીની ઓરડીમાં રહી રાજ ષિ કંપનીમાં મજૂરી કરે છે.

બંનેએ પોતાની ઓરડીમાં રસોઈ બનાવવા માટે ચૂલા સહિતનું મીની ગેસ સિલિન્ડર રાખ્યું હોય, ગઈકાલે રાત્રે તેમાંથી ગેસ લીક થયો હશે અને ત્યારે જ મોનુએ ઊઠીને બીડી સળગાવતા મોટા ભડકા સાથે બ્લાસ્ટ થયો હતો. હાલ બંને સારવાર હેઠળ છે. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

# યુવતીનું ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી ફોટા અને રિલ્સ વાયરલ કરનાર પૂર્વ મિત્ર ગિરફતાર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

૧૫૦ ફૂટ રિંગરોડ નજીક - રહેતી ૧૯ વર્ષીય યુવતીનું ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી ફોટા અને રિલ્સ વાયરલ કરનાર પૂર્વ મિત્રને સાયબર ક્રાઈમની ટીમે દબોચી લઈ કાર્યવાહી કરી હતી. મિત્રતા તોડી નાંખતા યુવતીને હેરાન કરવાં કૃત્ય કર્યાનું આરોપીએ રટણ કર્યું હતું.

બનાવ અંગે ૧૫૦ ફૂટ રિંગરોડ નજીક રહેતી ૧૯ વર્ષીય યુવતીએ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેણી ભાડેથી રૂમ રાખીને અન્ય ત્રણ બહેનપણીઓ સાથે રહે છે. તેણી કારના શો રૂમમાં નોકરી કરે છે. તેણી ઈન્સ્ટાગ્રામ એપનો ઉપયોગ કરે છે.

ગત તા.૩૧/૧૦ ના રાત્રે ઉપર ઘરે હતી ત્યારે તેમની કોલેજની ફ્રેન્ડે ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. પર




મેસેજ કરીને જાણ કરેલ કે, ઈન્સ્ટાગ્રામમા તે એક પ્રોફાઈલ અકાઉન્ટ બનાવેલ છે. જેથી તે ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ચેક કરતા આ આઇડી તેણીએ બનાવેલ ન હતું અને ઈન્સ્ટાગ્રામમા આ ફેક આડી ઉપર ચેક કરતા આ ફેક આઈડીના પ્રોફાઈલ પિક્ચરમાં તેણીના અસલ ઈન્સ્ટાગ્રામ આઈડી પર પોસ્ટ કરેલ તેમના ફોટા તેમની પરમિશન વિના મેળવીને આ ફેક ઈન્સ્ટાગ્રામ આઈડી રરાખેલ હતા. તથા તા.૩૦/૧૦ ના તેમાં તેણીના જુદા જુદા ફોટાથી રીલ્સ બનાવીને પણ પોસ્ટ કરેલ હતી. તેમજ આ ફેક આઈડીનો ઉપયોગ કરનાર ફ્રેન્ડ સર્કલને ફ્રેન્ડ રિક્વેસ્ટ મોકલી રહ્યો હોય જે બાબતની જાણ થતા આ અજાણ્યા વ્યક્તિએ તેમની જાણ બહાર ફોટાઓ મેળવી પરમિશન વિના ઈન્સ્ટાગ્રામ ફેક આઈડી બનાવી પ્રોફાઈલ પિક્ચરમાં તેણીના ફોટો તથા ફોટાથી રીલ્સ બનાવી પોસ્ટ કરીને માનસિક રીતે હેરાનગતી કરતા સાયબર હેલ્પ લાઈન ૧૯૩૦ પર અરજી કરેલ હતી. જે બાદ સાયબર ક્રાઈમમાં ફરીયાદ નોંધાવી હતી. જે મામલે સાયબત ક્રાઈમ પીઆઇ બી. વી. જાડેજા અને ટીમે તપાસ હાથ ધરી રાજકોટમાં જ રહેતાં અને યુવતીના પૂર્વ મિત્રને પકડી પાડી કાર્યવાહી કરી હતી અને આરોપીએ યુવતીએ મિત્રતા તોડી નાંખતા આ કૃત્ય કર્યાનું રટણ કર્યું હતું.

# ખોડિયારપરામાં બહેન બનેવીના ઝઘડામાં ૧૩ વર્ષની તરૂણીનો ફાંસો ખાઈ આપઘાત

### જમવાનું ખરાબ બનવા મુદ્દે દંપતી વચ્ચે ઝઘડો થતા પગલું ભર્યું; પરિવાર શોકમગ્ન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ખોડિયાર પરા વિસ્તારમાં રહેતા દપંતિ વચ્ચે ખરાબ રસોય બનાવવા મુદ્દે ઝઘડો થયો હતો. જેથી પતિએ પત્નીને ગાળો ભાંડી હતી. બનેવીએ બહેનને ગાળો ભાંડી ઝઘડો કરતા ૧૩ વર્ષની સાળીને માઠુ લાગી આવ્યુ હતું. આવેશમાં આવેલી તરૂણીએ ઝૂલ્લામાં ચુંદડી બાંધી ગળાફાંસો ખાઈ આપઘાત કરી લેતા પરિવારમાં શોકની લાગણી પ્રસરી છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મુળ ઉતરપ્રદેશની વતની અને હાલ રાજકોટમાં આજી વસાહત વિસ્તારમાં આવેલ ખોડિયારપરામાં બહેન બનેવી સાથે રહેતી ચાંદનીબેન શેખરભાઈ ચૌહાણ નામની ૧૩ વર્ષની તરૂણી સાંજના ૫ વાગ્યાના અરસામાં ઘરે હતી ત્યારે ઝૂલ્લામાં ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો.તરૂણીને બેભાન હાલતમાં તાત્કાલીક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જયા ફરજ પરના તબીબે જોઈ તપાસી મરણ ગયાનું જાહેર કરતા પરિવારમાં શોકની લાગણી છ્વાઈ જવા પામી છે. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને જાણ કરતા



આજીડેમ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડીગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી તરૂણીના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મેડિકલ કોલેજ ખાતે ખસેડયો હતો. પ્રાથમિક તપાસમાં મૃતક ચાંદનીબેન ચૌહાણ એક ભાઈ ત્રણ બહેનમાં વચેટ હતી અને છેલ્લા છ મહિનાથી બહેન બનેવી સાથે રહેતી હતી. મોટીબહેન રીનાબેન સાથે બનેવી ધર્મપાળે રસોઈ કેમ ખરાબ બનાવી તેમ કહી ગાળો ભાંડી હતી. જેથી ચાંદનીને લાગુ આવતા ગળેફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે આજીડેમ પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# લગ્નપ્રસંગમાં જઈ રહેલા પરિવારને અકસ્માત નડયોઃ ટ્રકની ઠોકરે મહિલાનું મોત

### માધાપર ચોકડી પાસેના બ્રિજ પર બનેલો બનાવઃ પતિ અને પુત્રીને ઈજા પહોંચતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર ચોકડી પાસે અકસ્માતનું વધુ એક બનાવ બન્યું છે. પુરપાટ ટ્રકે બાઈકને ઠોકરે લેતા મહિલાનું ઘટના સ્થળે જ મોત થયું હતું. જ્યારે તેના પતિ અને પુત્રીને ઈજા થતા સારવાર માટે હોસ્પિટલે ખસેડાયા છે.

શહેરના માધાપર ચોકડી પાસે આવેલા ઓમ એપાર્ટમેન્ટમાં રહેતા કેતનભાઈ બાબુભાઈ ભટ્ટી ઉ.૪૧, તેના પત્ની ઉસ્માબેન અને પુત્રી મિસરી ઉ.૧૩ સાંજે ઘરેથી



કૌટુંબિકના લગ્નપ્રસંગમાં જવા ઘરેથી ટૂ-વ્હીલર બાઈકમાં નિકળ્યા હતા.દરમ્યાન માધાપર ચોકડી નજીક બીજ પાસે પહોંચતા માંતેલા સાંઢ બની નીકળેલા ટ્રકે બાઈકને ઠોકર મારતા દંપતિ અને પુત્રી રોડ પર બાઈક સહિત ફંગોળાઈ ગયા હતા.જેમાં ઉસ્માબેનને ગંભીર ઈજા પહોંચવાથી ઘટના સ્થળે જ મોત નિપજયું હતું.જયારે પતિ કેતનભાઈ અને પુત્રી મિસરીને ઈજાગ્રસ્ત હાલતમાં સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડયા હતા.બનાવના પગલે બનાવ સ્થળે મોટી સંખ્યામાં લોકોના ટોળા એકઠા થયા હતા.જયારે અકસ્માત સર્જનાર ટ્રક ચાલક ફરાર થઈ ચુકયો હતો.હાલ બનાવના પગલે ગાંધીગ્રામ પોલીસ મથકના હેડ કોન્સટેબલ મયુરસિંહ જાડેજા સહિતનો સ્ટાફ દોડી જઈ પરિવારના સભ્યોનું નિવેદન નોંધી અકસ્માત સર્જી ફરાર થયેલા ટ્રક ચાલકની શોધખોળ હાથ ધરી છે.

# સેન્ટ્રલ જેલમાં હત્યા કેસમાં સજા કાપતા કેદીએ બિમારીના ટીકડા ખાધાઃ સારવારમાં

### જુદા જુદા બે સ્થળે સગીરા અને આધેડે જવલનશીલ પ્રવાહી પી લેતા સારવારમાં ખસેડાયા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણમા થયેલી હત્યાનાં ગુનામા રાજકોટ સેન્ટ્રલ જેલમાં સજા કાપતા આરોપીઓ કોઈ અગમ્ય કારણસર માનસીક બીમારીની વધુ પડતી ગોળીઓ ખાઈ લીધી હતી. કેદીની તબીયત લથડતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

આ અંગે જાણવા મળતી વિગત મુજબ મુળ જસદણનાં વતની અને હાલ રાજકોટ સેન્ટ્રલ જેલમાં હત્યા કેસમા સજા કાપતા કરણ ભીખાભાઈ મકવાણા નામનાં ૨૫ વર્ષનાં કેદીએ કોઈ અગમ્ય કારણસર માનસીક બીમારીની વધુ પડતી ગોળીઓ ખાઈ લેતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવ્યો હતો.

આ ઉપરાંત અન્ય બીજા બનાવમા ૧૫૦ ફુટ રીંગ રોડ પર આવેલા આંબેડકર નગરમાં રહેતા હીંમતભાઈ રામવાળા વાળા નામનાં ૫૦ વર્ષનાં આધેડ પોતાનાં ઘરે હતા ત્યારે અકળ કારણસર ઝેરી દવા પી લીધી હતી. આધેડને ઝેરી અસર થતા તાત્કાલીક સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે દાખલ કરવામા આવ્યા હતા. ઉપરોકત બંને બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# કણકોટ ચોકડી પાસે પૂરપાટ કારે સ્કુટરને ઠોકરે લેતા વૃદ્ધનું મોત

### સામાજિક આગેવાન ગોંડલ ચોકડીએ થી ઘેર જતા હતા ત્યારે બનાવ બન્યોઃ અકસ્માત બાદ કાર ચાલક તાલુકા પોલીસ મથકમાં હાજર

**મુખ્ય સમાચાર, રાજકોટ**

માધાપર ગામે રહેતા અને સમાજના અગ્રણી વૃધ્ધ તેનુ સ્કુટર લઈને ગોંડલ ચોકડીથી ઘેર જતા હતા તે દરમ્યાન કણકોટ પાસે પુરપાટ કારે ઠોકરે લેતા તેનુ મોત નિપજયુ હતુ. બનાવને પગલે તેના પરીવારમાં શોક છ્વાયો છે. તેમજ અકસ્માત બાદ કાર ચાલક તાલુકા પોલીસ સમક્ષ હાજર થતા પોલીસે ગુનો નોંધવાની અને આરોપીની ધરપકડ કરવાની કાર્યવાહી કરી છે.

આ બનાવ અંગે પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ માધાપર ગામે વૃંદાવન સોસાયટીમાં રહેતા અને ગોંડલ ચોકડી પાસે ઓટો સ્પેર પાર્ટનો વ્યવસાય કરતા મનસુખભાઈ મોહનભાઈ ઝાલાવડીયા (ઉ.૬૦) સાંજે ગોંડલ ચોકડીએ કામ કરી ઘેર તેનુ સ્કુટર લઈને જતા હતા તે દરમ્યાન કણકોટ ચોકડી પાસે પુરપાટ કારે ઠોકરે લેતા તેને ગંભીર હાલતમાં સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં ખસેડાયા હતા જેનુ સારવાર મળે તે પહેલા જ મોત નિપજયુ હતુ. બનાવની જાણ થતા તાલુકા પોલીસે તપાસ કરતા મૃતક મનસુખભાઈને સંતાનમાં એક પુત્ર અને એક



પુત્રી હોવાનુ અને ચાર ભાઈ અને ત્રણ બહેનમાં વચેટ હોવાનુ પરીવારે જણાવ્યુ હતુ તેમજ અકસ્માત બાદ નાસી જનાર કાર ચાલક તાલુકા પોલીસ મથકમાં હાજર થતા પોલીસે વધુ કાર્યવાહી કરી છે.